કિંમત ₹ ૫
માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૫૪ ● ફેબ્રુઆરી ૨૦૨૦



## વસંત પંચમી - મૂળી
## રંગોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧















૧. મારૂસણા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતાં તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૨. વસંત પંચમીના મૂળી મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૩. માણેકપુર (ચૌધરી) મંદિરમાં શાકોત્સવ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૪. મોટી આદરજ મંદિરમાં શાકોત્સવ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૫. ભાયલા ગામે કથા પારાયણ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર.





# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● અંક : ૧૫૪

ફેબ્રુઆરી-૨૦૨૦

(મૂળ વર્ષ ૫૧)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)



**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | પંચદેવ | ૦૬ |
| ૦૪. | શ્રી હનુમાનજીની પ્રાર્થના | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૦ |
| ૦૬. | આવા અડબંગા સાધુ ન જોઈએ | ૧૪ |
| ૦૭. | "આ જન્મ્યા તે સંભારી રાખજો !" | ૧૫ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૭ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૯ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૨ |
| ૧૧. | પ્રશ્નપેટી | ૨૪ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૫ |

# અસ્મદીયમ્

પહેલાના જમાનામાં ભગવાનને મેળવવા માટે અનેક ઋષિમુનિઓ ખૂબજ કઠોર તપશ્ચર્યા કરતા, કોઈક પાણીમાં વરસો લગી ઉભા રહી તપ કરતા, કોઈક ઉંધે માથે લટકાઈને તપ કરતા, એમને એમ હજારો વર્ષ તપ કરીને પણ ભગવાન મળતા ન હતા.

આજે આ કળિકાળમાં આપણને ભગવાને ખૂબજ સરળ અને સહેલાઈથી મળ્યા છે. ભગવાનને ભજવાનું સાધન સર્વોપરી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર આપ્યો છે. નાની એવી ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રી પોતાના આશ્રિતના મોક્ષ અને કલ્યાણ માટેનું અમોધ શાસ્ત્ર આપ્યું છે. તેના નિયમમાં કોઈ પણ માણસ ચાલે એટલે તેને આ લોક પરલોકમાં ઉની આંચ ન આવે. આ જગતના જીવોને જુઓ અને સંપ્રદાયના આશ્રિતને જુઓ બન્નેમાં સુખની તુલના કરો તો શ્રીહરિનો આશ્રિત સુખી સંપન્ન હોય છે. તેને આધિ, વ્યાધિ અને ઉપાધિ આવે જ નહી. જ્યારે જગતના જીવને અનેક ઉપાધિઓ વળગેલી હોય છે.

માટે આપણે આઠે પહોર ભગવાન શ્રીહરિનું અખંડ સ્મરણ, ભજન કીર્તનનું વ્યસન પાડવું. જેથી આપણી આ લોકની તમામ ઉપાધિને ભગવાન હરિ લેશે.

વચનામૃત ૨૭૩ મહામહોત્સવ તા. ૨૪ ફેબ્રુઆરી-૨૦૨૦ થી ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૦ સુધી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ખૂબજ ભવ્યતાથી ઉજવાશે. સમસ્ત સત્સંગને આવો અલૌકિક લાભ લેવા ખાસ અમારો નમ્ર અનુરોધ છે.



તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૨૦)

| | |
|---|---|
| ૩-૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપર (કચ્છ) પધરામણી. |
| ૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા કથા અને યાત્રિકભુવનના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી. |
| ૭ | ઈન્દ્રપુરા ગામે કથા પ્રસંગે પધરામણી. |
| ૮ | ચાંદખેડા શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઘમીજ પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૦ | ભાયલા ગામે કથા પ્રસંગે પધરામણી. ત્યાંથી જમીયતપુરા શ્રી પ્રભા હનુમાનજી મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૧-૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ચૌધરી) શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૬ | મારૂસણા ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૧૭ | કરજીસણ ગામે પારાયણ પ્રસંગે પધરામણી. |
| | પ.ભ. અમૃતભાઈ કાળીદાસ પટેલ (ગુલાબપુરાવાળા)ને ત્યાં પધરામણી થલતેજ. |
| ૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપુરા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૨૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર આદરજ (મોટી) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી પાટોત્સવ-રંગોત્સવ પ્રસંગે પધરામણી. |

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૨૦)

| | |
|---|---|
| ૫ | ઘનશ્યામનગર પધરામણી, સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દ્વારા આયોજીત શાકોત્સવ પ્રસંગે પધરામણી શ્રી નરનારાયણનગર ઘાટલોડીયા. |
| ૧૧ | હિરાવાડી અમદાવાદ શાકોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પધરામણી. |
| ૧૬ | ભક્તિનગર ગામે પધરામણી. |
| ૧૮ | માણસા ગામે પધરામણી. |
| ૧૯ | સત્સંગ બાલ શિબિર પોતાના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઈ. શ્રી નરનારાયણદેવનગર, પારસનગર, ઘાટલોડીયા. |
| ૨૬ | બાપુપુરા ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી. |
| ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી પાટોત્સવ અને રંગોત્સવ પ્રસંગે પધરામણી. |

# પંચદેવ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



વૈદિક સનાતન ધર્મમાં પંચદેવની પૂજા કરવામાં આવે છે. આ શરીર પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ આ પાંચ તત્વોથી બનેલું છે. શરીર જડ છે. આત્મા ચૈતન્ય છે. જડ-ચેતન બે તત્વો અલગ હોવા છતાં સાથે રહેવાથી એક રૂપ થઈ ગયા છે. એટલે જડ-ચેતન અલગ અલગ દેખાતા નથી. વેદ-વેદાન્ત-પુરાણોના જ્ઞાનનો સાર એક જ જોવા મળે કે જડ-ચેતનની ગાંઠને અલગ પાડવાના ઉપાયો કરવા. જડ શરીરને ચૈતન્યથી અલગ કરવાના ઉપાયોમાંનાં એક વિશેષ ઉપાય રૂપે આ પાંચ મહાભૂત એટલે કે પંચતત્વોના માલિક દેવ પંચ દેવોની પૂજા કરવાનું નિરુપણ કરેલ છે. શિક્ષાપત્રીમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ શ્લોક નંબર-૮૪ માં વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી, સૂર્ય પાંચ દેવોની પૂજા કરવાની આશ્રિતોને આજ્ઞા કરી છે. પાંચ તત્વોની જડતાને ચૈતન્ય કરવા પાંચ દેવતાની પૂજા કરવી જરૂરી છે. ઉપાસના અને પૂજા અલગ-અલગ સિધ્ધાંત છે. ઉપાસના માત્ર ઉપાસ્ય સ્વરૂપની થાય અને પૂજા વેદો-પુરાણોએ પ્રતિપાદિત કરેલા દેવોની કરવામાં આવે છે. ઘરમાં પાંચ દેવોની પૂજા હોવી જોઈએ.

શરીરમાં જે પૃથ્વી તત્વ છે તેના માલિક દેવ ગજાનન ગણપતિ દેવ છે. કોઈ પણ સત્કર્મ કરવામાં આવે ત્યાં સર્વ પ્રથમ ગણપતિની પૂજા થાય. વિઘ્ન વિનાયક દેવની પૂજા કર્યા વિના અન્ય દેવો તે સાધકની પૂજા સ્વીકારે નહિ. શરીરમાં પૃથ્વી તત્વ પ્રધાન-વિશેષ છે. શરીરનું પ્રથમ આવરણ પૃથ્વી તત્વ છે. તેથી સર્વ પ્રથમ તેના માલિક દેવ ગણપતિ મહારાજની પ્રથમ પૂજા કરવી. તેના પત્નીઓ રિધ્ધિ અને સિધ્ધિ, તેમના સંતાનો શુભ-લાભ. ગણપતિની પૂજા કરવાવાળા ઉપર પરિવાર સહિત વિઘ્ન વિનાયક દેવની કૃપા રહે છે. સાધનાનો આધાર શરીર સાથ સર્વ પ્રથમ જોઈએ. આપણે જપ-તપ-હોમ-હવન-પાઠ પુરશ્ચરણ આદિ જે જે દેવોની પ્રસન્નતાને અર્થે કરવામાં આવે તેનાથી સર્વ પ્રથમ ગણપતિ મહારાજની પ્રથમ પૂજા કરવી પડે. એ પૃથ્વી તત્વને ચૈતન્ય બનાવવાનો પ્રયાસ અર્થાત્ પૃથ્વી તત્વની પૂજા. પાંચ દેવોના સ્થાન આપણા શરીરમાં જ છે. અંદરના દેવોની પ્રસન્નતા માટે બહાર દેવોની પૂજા કરવામાં આવે છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય એ દશ ઈન્દ્રિયોને ગણ કહેવાય. તેના પતિ તે ગણપતિ ગજાનન. ગણપતિજી એક હાથમાં લાડુ રાખે છે. જે પૂજા કરે તેને લાડુ આપે છે. વાસના અને કુસંગ એ મોટું વિઘ્ન ગણવામાં આવે છે. ગણપતિજીની પૂજા કરનારને બાધક તત્વો થકી રક્ષા થાય છે.

તેજ તત્વના માલિક સૂર્યનારાયણ દેવ છે. સૂર્યદેવની પૂજા બધાને માટે આવશ્યક છે. સૂર્યદેવ આરોગ્ય અને બુધ્ધિના દાતા છે. સૂર્યદેવ જગતને પ્રત્યક્ષ દર્શન આપે છે. બીજા દેવોના દર્શન ભાવના વડે મૂર્તિઓ રાખીને કરવા પડે છે. સૂર્યદેવ કોઈ ભેદભાવ રાખતા નથી. પૂજા કરે યા ન કરે સૌનું એક સમાન પોષણ કરતા રહે છે. તે સૌના જગતમિત્ર દેવ કહ્યા છે. પંચાંગમાં જે સમય લખ્યો છે તેમાં એક મિનિટનો પણ ફરક પડતો નથી. અવકાશમાં રહેલા તારા નક્ષત્રો પૃથ્વી આદિ સૂર્યની પરિક્રમા કરી રહ્યા છે.

સૂર્યદેવની પૂજા માટે સૂર્ય ઉગતા પહેલા સ્નાનાદિક નિત્યવિધિથી પરવારીને સૂર્યને જળ વડે અર્ધ્ય આપી અથવા ઉગતા સૂર્યની સામે જઈને બે હાથ જોડી વંદન કરવું. જે સૂર્ય ઉગ્યા પછી દાતણ કરે કે સ્નાન કર્યા વગર પથારીમાં પડ્યો રહે તેને સૂર્ય નારાજ થઈને શાપ આપે છે. સૂર્યોદયના પળને સ્વાગત કરવા - વધાવવા સૂર્યોદયથી પૂર્વે સ્નાનાદિક કર્મથી પરવારીને પૂજા-પાઠ-ધ્યાન-ભજન કરવા. આપણા શાસ્ત્રોમાં સ્નાનના ત્રણ ભેદ કહેવામાં આવ્યા છે. ઋષિ-મનુષ્ય-રાક્ષસ. આકાશમાં તારાઓ દેખાતા હોય તે સમયે સ્નાન કરે તે ઋષિ સ્નાન તથા આકાશમાં તારાઓના દર્શન થતા નથી અને સૂર્યનારાયણ ઉદય થયા નથી તે સમયે જે સ્નાન કરવામાં આવે તે મનુષ્ય સ્નાન અને સૂર્યોદય બાદ જે સ્નાન કરાય તેને રાક્ષસી સ્નાન કહ્યું છે. તેમાં રાક્ષસી સૂક્ષ્મ તત્વોનો પ્રવેશ થવા પામે છે. રાક્ષસને કોઈ શિંગડા પૂંછડા હોતા નથી. પણ સૂર્યોદય પછી જે દાતણ સ્નાન કરે તેને રાક્ષસ જેવા કહ્યા છે. આથી શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક-૪૯ માં કહ્યું છે કે : અમારા સત્સંગી તેમણે નિત્ય સૂર્ય ઉગ્યાથી પ્રથમ જ જાગવું. આજકાલ રોગ બહુ વધી ગયા છે. કેમ કે, સૂર્યદેવને વંદન-પૂજન કરતા નથી. જગતના પ્રગટ પ્રત્યક્ષ દેવ છે. વધુ નહિ તો બાર વખત નમસ્કાર કરો. સૂર્યદેવની પૂજા કર્યા વિના બુધ્ધિ શુધ્ધ થતી નથી. બુદ્ધિ બગડેલ હોય તેને જગત આખું બગડેલું દેખાય છે. શરીરમાં સૂર્ય નાડી ચાલી રહી છે. ભારતીય પરંપરામાં ચાર સંપ્રદાય દશ પરંપરા સૌ માં સૂર્યદેવની પૂજા તથા પંચદેવની પૂજા કરવાના નિયમો કહેવામાં આવ્યા છે. આદિ યુગમાં ઋષિ મુનિઓએ સૂર્ય પૂજા સૌથી પ્રથમ શરૂ કરેલ છે. સૂર્યપૂજા કરનારાનું આધિપત્ય બને છે.

વાયુ તત્વના માલિક પાર્વતી-દેવી-શક્તિ પ્રકૃતિ છે. શક્તિ વડે ભક્તિ થાય. માં બહુ દયાળુ છે પ્રકૃતિના આધારે જગત ચાલી રહ્યું છે. મહાકાલી ક્રિયા શક્તિ, મહાલક્ષ્મી, દ્રવ્ય શક્તિ, મહાસરસ્વતી જ્ઞાન શક્તિ છે. શક્તિ પતિવ્રતા છે એટલે પરમાત્માની પૂજા કરનારા ઉપર મહાશક્તિ વિશેષ પ્રસન્ન થાય તેમ છતાં વાયુ શક્તિ પ્રાણ શક્તિની શુધ્ધિના અર્થે દેવીની પૂજા કરવી.

આકાશ તત્વના માલિક દેવ વિષ્ણુદેવ છે. નારાયણનું સ્વરૂપ આકાશના જેવું વિશાળ છે. ભગવાનની પૂજા કરનારાને શ્રીહરિ અતિશય સંસારનું સુખ આપે છે. સુખના સમયમાં તેનું મન ભગવાન હરિ લે છે. જેણે મન ભગવાનને અર્પણ કર્યું તે ચતુર્ધા મુક્તિનો અધિકારી છે. મોક્ષ નારાયણ આપે છે. ભોગમાંથી વૈરાગ્ય વિના મોક્ષનો વિચાર આવતો નથી. ચાર તત્વો આકાશમાં રહેતા હોવાથી નારાયણ સૌના આધાર છે.

ભગવાન શિવ જળતત્વના અધિષ્ઠાતા અને જ્ઞાન-વૈરાગ્યના દાતા છે. જ્ઞાન-વૈરાગ્યથી ભક્તિની દ્રઢતા થાય છે. વૈરાગ્ય હશે તો સુખ-દુ:ખની અસર મન ઉપર થશે નહિ. વૈરાગ્ય વિનાનો ભોગી-યોગી-ત્યાગી-તપસ્વી પણ દુ:ખી છે. શિવ જળતત્વના માલિક હોવાથી તેમની મૂર્તિ લિંગ ઉપર અખંડ જળધારા રાખવામાં આવે છે. તથા ભક્તો જળ ચડાવે તેની સર્વ મનોકામના પૂર્ણ કરે છે. મસ્તક ઉપર ગંગાજી રાખ્યા છે. તેનો સૂક્ષ્મ અર્થ જળ તત્વને જટામાં રાખ્યું છે. આપણા શરીરમાં ૭૨% જળ તત્વ છે. તેના અધિષ્ઠાતા શ્રી મહાદેવ છે. તેથી દેવોના દેવ મહાદેવ કહ્યા છે. જળ વડે અભિષેક શ્રી દેવાધિદેવનો કરે તેનું આરોગ્ય-આયુષ્ય તંદુરસ્ત રહે છે. શ્રી શિવ જેના પર પ્રસન્ન થાય તેનો વૈરાગ્ય-જ્ઞાન બળવાન બને છે.

આમ પાંચ તત્વો તે પાંચ દેવને આધિન છે. આથી જ આપણા સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચ દેવની પૂજા કરવાનું સવિશેષ વિધાન કર્યું છે. મહારાજનું કોઈપણ વિધાન વધારાનું કે વ્યર્થ હોતું નથી તેમાં ઘણો બધો ગંભીર અર્થ છૂપાયેલો હોય છે. સમજી વિચારી પૂજા કરવાથી ભક્તોને સર્વ પ્રકારે ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય સહિત ભક્તિની સિધ્ધિ થાય છે.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫

● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦

શ્રી સ્વામિનારાયણ

# શ્રી હનુમાનજીની પ્રાર્થના

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



॥ हनुमत्सतोत्रम् ॥

नीतिप्रविण निगमागमशास्त्रबुद्धे राजाधिराजरघुनायकमन्त्रिवर्य ।
सिन्दूरचर्चितकलेवर नैष्ठिकेन्द्र श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥१॥
सीतानिमित्तजरघूत्तमभूरिकष्टोप्रोत्सारणैककसहाय हतास्त्रपौध ।
निर्दग्धायातुपतिहाटकराजधाने श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥२॥
दुर्वार्यरावणविसर्जितशक्तिघातकष्ठासुलक्ष्मणसुखाहृतजीववल्ले ।
द्रोणाचलानयननन्दितरामपक्ष श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥३॥
रामागमोक्तितरितारितबन्ध्वयोग दुःखाब्धिमग्रभरतार्पितपारिबर्ह ।
रामांघ्रिपद्ममधुपीभवदन्तरात्मन् श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥४॥
वातात्मकेसरिमहाकपिराट तदीयभार्याञ्जनीपुरुतपः फलपुत्रभाव ।
तार्क्ष्योपमोचितवपुर्बलतीव्रवेग श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥५॥
नानाभिचारिकविसृष्टसीवरकृत्याविद्रावणरुणसमीक्षणदुःप्रधर्ष्य ।
रोगघ्रछसत्सुतदवित्तदमन्त्रजाप श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥६॥
यन्नामधेयपदकश्रुतिमात्रतोऽपि ये ब्रह्मराक्षसपिशाचगणाच्च भूताः ।
ते मारिकाश्च सभयं ह्युपयान्ति स त्वं श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥७॥
त्वं भक्तमानससमीप्सितपूर्तिशक्तो दीनस्य दुर्मदसपत्रभयार्तिभाजः ।
इष्टं ममापि परिपूरय पूर्णकाम श्रीरामदूत हनुमन् हर संकंटं मे ॥८॥

॥ इति श्रीशतानन्दमुनिविरचितं श्रीहनुमानत्स्त्रोम् ॥

શ્રી હનુમાનજી મારૂતિ ભગવાનશ્રી સ્વામિનારાયણના પિતા હરિપ્રસાદ વિપ્ર ધર્મદેવના કુળદેવ છે. શાત્રોમાં સૌ સૌના સ્વના કુળદેવનું ઘણું જ મહત્વ માહાત્મ્ય કહેલ છે, તેને શ્રીહરિએ પણ સ્વીકારેલ છે. કારણકે ભગવાનનો ભક્ત પોતાના ઈષ્ટદેવની ભક્તિ નિષ્કામભાવથી કરે છે. તેથી પોતાને ક્યારેય કોઇ પણ પ્રકારની ઉપાધિ કે દુઃખ કષ્ટ આવી પડે તો ક્યાં જવું અને કોનું શરણું લેવું તે ભકત માટે મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કારણ કે ભગવાનને જો પ્રાર્થના કરવામાં આવે તો તેની ભકિત સકામ થઇ જાય છે. અને અન્યની પ્રર્થના કરે તો પતિવ્રતા ભક્તિમાં ખામી આવે છે. આવી સ્થિતિમાં પોતાના કુળદેવ હોય કે જે સદા કુળનું રક્ષણ કરીને તે કુળને ભગવદ્માર્ગે લઇ જાય છે. તેને શરણે જ જવું યોગ્ય ગણાય છે. તે વાત ને શિક્ષાપત્રીમાં પણ સ્વામિનારાયણ ભગવાને શ્લોક ૮૫માં સ્પષ્ટ રૂપે આજ્ઞા કરી છે કે આવી ઉપાધિ આવી પડે ત્યારે હનુમાનજી કે નારાયણ કવચનો જ પાઠ કરવો પણ અન્ય કોઇ દેવ દેવી કે મંત્ર તંત્રનો સહારો ભગવાનના ભકતએ ન લેવો, આ નિયમાનુંસાર જ જ્યારે ધર્મદેવને આસુરી લોકોથી અસહ્ય ઉપાધિ આવી પડી ત્યારે શ્રીમદ્ સંતસંગિજીવનના પ્રકરણ ૧ ના અધ્યાય ૧૭ માં શતાનન્દ મુનિ વર્ણન કરે છે કે ત્યારે ધર્મદેવે જે રીતે પોતાના કુળદેવની સ્તુતિ પ્રાર્થના કરી જેથી તેમના સમગ્ર દુઃખો કષ્ટોનો હનુમાનજીએ અંત લાવી દીધો. તેમજ જે કોઇ આ સ્તોત્રનો પાઠ કે જપ કરશે તેના પણ બધા કષ્ટો દુઃખો નાશ પામી જશે તે નિશ્ચિત છે. તે સ્તોત્ર શતાનન્દ મુનિનો રચેલ સંસ્કૃતમાં છે તેનો ગુજરાતીમાં શબ્દાર્થનો વિચાર કરીએ.....

**નીતિપ્રવિણનિગમશાસ્ત્રબુદ્ધ**
**રાજાધિરાજરઘુનાયકમન્ત્રિવર્ય ।**
**સિન્દરચર્ચિતકલેવરનૈષ્ઠિકેન્દ્ર**
**શ્રીરામદૂત હનૂમન્ હર સંકટં મે ॥૧॥**

ભગવાનના ભકતોની અને સ્વયં ભગવાનની સેવા કેવી રીતે કરવી અને તેમની રક્ષા કેમ કરવી તેની રીતિ નીતિને સારી રીતે જાણનારા અથવા રાજાના મંત્રી એટલે સામ દામ દંડ અને ભેદની રાજનીતિમાં પણ પ્રવિણ છે, સાથે સાથે શાસ્ત્રો વેદ વેદાંગ આદિમાં પણ

એમની શ્રેષ્ઠ બુદ્ધિ છે. અયોધ્યાના મહારાજા ધિરાજ પ્રભુ રામચન્દ્રના પ્રિય ભક્ત અને મંત્રી વર્ય છે, અને જેમને પોતાના શરીરે સિંદૂરનો લેપ બહુ જ ગમે છે, અને આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય મહાવ્રત ધારી રહ્યા છે, તે વ્રતધારણ કરનારામાં સર્વશ્રેષ્ઠ છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૧).

**સીતાનિમિત્તજરઘુત્તમભૂરિકષ્ટપ્રોત્સારમૈકકસહાયહતા સપૌધ્ નિર્દષ્યાયાતુપતિહાટકરાજધાને**
**શ્રીરામદૂતહનૂમન્ હર સંકટં મે ॥૨॥**

પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી પુરુષોત્તમ શ્રીરામ રૂપે મનુષ્ય શરીર ધારણ કરીને માનવ લીલાનું અનુસરણ કરી રહ્યા હતાં ત્યારે રાક્ષસ રાવણ સતિ માતા શ્રી સીતાજી નું અપહરણ કરી ગયો ત્યારે દુઃખી થયેલાં પ્રભુ શ્રીરામનું દુઃખ દૂર કરવામાં સહાયક થયા અને મોટા મોટા રાક્ષસોના ટોળાનો નાશ કરીને રાક્ષસ રાજ રાવણની સુવર્ણની લંકાને ભસ્મ કરનારા એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૧).

**દુર્વાર્ધરાવણવિસર્જિત**
**શક્તિઘાતકઠસુલક્ષ્મણસુખાદ્ધતીવવલ્લે ।**
**દ્રોણાચલનયનનન્દિતરામપક્ષ**
**શ્રીરામદૂતહનૂમન હર સંકટં મે ॥૩॥**

રામ રાવણના મહાયુદ્ધમાં જ્યારે પણ પ્રભુરામના સૈન્યમાં સંકટ આવે ત્યારે અને ખાસ કરીને શ્રીરામ કે લક્ષ્મણજી ઉપર કોઈ પણ પ્રકારનો પ્રહાર થાય ત્યારે તેમની રક્ષા કરવા માટે સર્વસ્વ ન્યોછાવર કરી દેનારા હનુમાનજી લક્ષ્મણજીના ઉપર રાવણ દ્વારા શક્તિ નામના મહા દિવ્યાસ્ત્રનો પ્રયોગ થયો ત્યારે વિશલ્ય કરણી ઔષધી જેને મૃતસંજીવની પણ કહે છે તે હિમાલયમાંથી લાવીને શ્રીરામના સૈન્યમાં આનન્દ કરાવ્યો હતો એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૩).

**રામાગમોક્તિતતરિતબધ્ધયોગદુઃખાબ્દિમગ્નભરતાર્પિતપ ।રિબર્ડ । રામાંઘ્રિપઘુમઘુપીભવદન્તરાત્મન્**
**શ્રીરામદૂતહનૂમન હર સંકટ મે ॥૪॥**

મનુષ્ય દેહધારી પ્રભુરામને પિતાના વચન પૂર્તિ માટે વનમાં નિવાસ કરવો પડ્યો અને મોટા ભાઈના પ્રેમી ભરતજીને ૧૪ વર્ષ પર્યન્ત સુધી તેમનો વિયોગ સહન કરવો પડ્યો તે વિયોગના દુઃખને દૂર કરે તેવા શુભ સમાચાર ભરતજીને આપીને દુઃખ દૂર કરનારા તેવા હનુમાનજીને ભરતજી એ પ્રસન્ન થઈને વરદાન રૂપી મોટો પુરસ્કાર આપ્યો છે, જેના કારણે જેમનું ચિત્ત હમેશાં પોતાના ઈષ્ટ પ્રભુના ચરણ કમળમાં સદા ભ્રમર જેમ સુગન્ધમાં આસક્ત હોય છે તેમ દાસત્વ ભાવે આસક્ત રહે છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૪).

**વાતાત્મકેસરિમહાકપિરાટ તદીયભર્યાનીપુરૂતપઃ ફલપુત્રભાવ । તાર્યોપમોચિતવપુર્બલતીવ્રવેગ**
**શ્રીરામદૂતહનૂમન્ હર સંકટં મે ॥૫॥**

મહા બલવાન કેસરીરાજ વાયુના પત્ની શ્રીઅંજની માતાના કઠોર તપના પ્રભાવથી તેમના પુત્ર રૂપે મહા બળવાન વાયુપુત્ર નામ ધારણ કરીને જન્મેલાં અને બળ અને વેગમાં સાક્ષાત્ ગરૂડજીને પણ પાછા પાડે તેવા છો એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૫).

**નાનાભિચારિકવિસૃષ્ટસવીરકૃત્યાવિદ્રાવણરૂણસમીક્ષ ણદુઃપ્રઘષ્ય । રોગપ્રજીસસૂતદમન્ત્રજાપ**
**શ્રીરામદૂતહનૂમનું હર સંકટં મે ॥૬॥**

આસુરી વૃત્તિવાળા મંત્ર કામણ ટુમણ કરનારાના મારણ ઉચ્ચાટનાદિક મંત્રો દ્વારા મોકલેલાં વીર કૃત્યા આદિને ક્રોધ કરીને લાલ આંખની દૃષ્ટિ માત્રથી ભગાડી દેનારા, અસુરો અને પાપીઓ જેમના નેત્રો સામે જોઈ પણ ન શકે એવા તેજસ્વી દૃષ્ટિ વાળા અને જેમના મંત્રોનો જપ કરવાથી પ્રભુના ભક્તોના સર્વ પ્રકારના રોગો નાશ થઈ જાય છે, તથા પુત્રની ઈચ્છા વાળાને પુત્ર મળે છે. દ્રવ્યની ઈચ્છા વાળાને તત્કાળ જ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૬).

**યન્નામધેયપદકશ્રુતિમાત્રતોડપિ યે બ્રહ્મરાક્ષસપિશાચગણા ચ્ચભૂતા તે મારિકાશ્ચ સભય હૃપયાતિ સ ત્વ**
**શ્રીરામદૂતહનૂમન્ હર સંકટં મે ॥૭॥**

હે મારૂતિ તમારું નામ સાંભળીને બ્રહ્મરાક્ષસ પિશાચ ભૂત પ્રેત યક્ષ વિગેરે લોકોને હેરાન પરેશાન કરનારા તત્કાળ ભાગી જાય છે, તમારું નામ સાંભળતા જ પોતાના પ્રાણ બચાવવા દૂર નાસી જાય છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૭).

**વં ભક્તમાનસસમીપ્સિતપૂર્તિશતો દીનસ્ય દુર્મદસપત્નભયાર્તિભાજઃ । ઇષ્ટ મમાપિ પરપુરય પૂર્ણકામ શ્રીરામદૂતહનૂમનું હર સંકટં મે ॥૮॥**

પ્રભુ શ્રીરામની કૃપાથી જે કોઈ ભક્ત તમારૂ સ્મરણ કરે છે તેના મનમાં રહેલાં બધા જ પ્રકારના મનોરથો પૂર્ણ કરવાની શક્તિ સામર્થ્ય વાળા અને અન્તઃશત્રુઓના ભયથી ભક્તોનું રક્ષણ કરનારા તમે તો પૂર્ણ કામ છો તો પણ મારી કામનાઓ પૂર્ણ કરશો જ એવો મને વિશ્વસ છે, એવા હે પ્રભુરામના દૂત હનુમાનજી મારા સર્વ કષ્ટોને દૂર કરો (૮).

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**(૧) આજોલ મંદિર વિદુરનીતિ ત્રિદિનાત્મક પારાયણ અને શાકોત્સવ પ્રસંગે :** શાસ્ત્રોમાં તન, મન અને ધન એમ ત્રણ પ્રકારની સેવાનો ઉલ્લેખ આવે છે. પરંતુ આ ત્રણથી પણ વિશેષ **સમયનું બલિદાન એ બહુ મોટામાં મોટી સેવા છે જે કોઈ માનવા તૈયાર નથી.** ઘેર સોફા ઉપર બેસવું અને દુકાન, મકાન બંધ કરીને અહીં પલાંઠી વાળીને નીચે બેસવું એ બન્નેમાં ફર્ક તો છે જ ને ? આ એક તપ તો છે જ અને એ ઉલ્લેખનીય છે. તમારું આ ગામ સમાજમા મોટામાં મોટું અને મજૂબત ગામ છે. વાડી સરસ બનાવી છે. ભવ્ય શાકોત્સવને બદલે ભવ્ય વાડીમાં શાકોત્સવ લખ્યું હોત તો પણ ફીટ બેસી જાત. તમારા સૌનું યોગદાન છે. માતાજીનું સાનિધ્ય છે. અમે દર્શન કરી આવ્યા. મહારાજે સાત્વિક દેવ દેવીનું પ્રતિપાદન કર્યું છે.

એક વાત કરું, જમવાનું બધાને મળે છે. તમે હાલમાં અહીં જે બેઠા છો તેના કરતા ૯ ગણા વધારે લોકો પાછળ જમે છે. હું જોઈને આવ્યો છું અને તમે પણ કદાચ રાહ જોતા હશો. મારો સૌને એક અનુરોધ છે, વિનંતી છે કે જે કંઈ કરીએ એ બહુ પ્રેમથી કરીએ. કારણ કે કરીએ અને કરવું પડે એ બન્નેમાં બહુ તફાવત આવે છે. પૂજા કરવી પડે છે, દર્શન કરવા જવું પડે છે, માળા ફેરવવી પડે છે. આજ ક્રિયા ઈષ્ટદેવ પ્રત્યેના પ્રેમથી સહજ રીતે ભક્તિભાવથી કરવામાં આવે તો મહારાજ રાજી થાય છે. બીજું વધારે કદાચ ન મળે તો મહારાજે સુખી કર્યા છે અને ઉદ્યમ કરીએ એટલે અન્ન તો દરેકને મળે છે. પરંતુ યાદ એ રાખવાનું છે કે **જમ્યા પછી અન્ન પચાવે છે કોણ ? ઉંઘ આવે છે, કોઈક વાર માયા જાળ બહુ પહોળી થઈ હોય તો ના પણ આવે. પરંતુ ઉંઘ આવ્યા પછી સવારે જગાડે છે કોણ ?** માણસ તો બધું ભૂલી જાય છે. દરરોજ નહી પરંતુ ક્યારેક ચાવી ભૂલી જાય, ક્યારેક કાગળિયા તો ક્યારેક પાકીટ, મોબાઈલ કે ચાર્જર એવું બધુ ભૂલી જતા હોય છે. એક હરિભગત તો પોતાના ઘર વાળાને ભૂલી ગયા હતા. જોક નથી કરતો, બનેલી ઘટના છે. મંદિરમાં ભૂલી ગયા હતા એટલે વાંધો નહીં. ભાઈ ઘેર પહોંચી ગયા. ટેલિફોન આવ્યો, કહે તું હજુ સુધી નથી આવી ? પણ તમે તો મને મંદિરે લાવ્યા હતા. પછી ઘેર ક્યાં લાવ્યા છો ? ક્યારેક શર્ટનું બટ્ટન પણ ઉંચા નીચું બંધ થઈ જાય છે પછી ખ્યાલ આવે કે આ તો ભૂલી ગયા ? માણસની બુદ્ધિની ક્ષમતા મર્યાદિત હોવાથી માણસ ભૂલી શકે છે. આપણે કહીએ છીએ કે અમે આટલા વાગ્યે જાગ્યા પરંતુ કોઈકે જગાડ્યા ત્યારે જાગ્યા. શ્વાસ લેવાનું ભૂલી જઈએ તો સવારે સૂતા જ રહી ગયા હોત અને સૂતા રહીએ તો અગ્નિ સંસ્કાર માટે બધા ભેગા થયા હોત. વડીલોએ પેટે પાટા બાંધીને શ્રમ કર્યો છે એટલે જમવાનું તો ૨ ને બદલ ૪ ટાઈમ મળી રહે છે, પચાવવા ગોળીઓ પણ ખાવી પડે છે. પરંતુ **અન્ન પચાવનાર અને શ્વાસ લેવડાવનાર ભગવાન છે. બીજું યાદ રહે કે ન રહે પરંતું અહીં કે ઘેર જમવા બેસો અને એક બટકું રોટલો કે રોટલી મોઢામાં મૂકો ત્યારે એટલું યાદ કરવું કે આ અન્ન કોના થકી મળે છે ? માથા પર હથોડા મારીને ભલે સતત સ્મરણ**

**ન રહે પરંતુ જમતા જમતા એકવાર યાદ કરશો તો તેમાં માળા, પ્રદક્ષિણા અને પૂજન બધું આવી ગયું. પારાયણનું તાત્પર્ય પણ એ જ છે કે ભગવાનની સ્મૃતિ રહે. અમારું અને તમારું સૌનું અસ્તિત્વ દેવ થકી છે. જો આ દેવ ન મળ્યા હોત તો ક્યાંય ખૂણે ખાંચરે પડ્યા હોત ! જે કંઈ મળ્યું છે એ આપનારા ભગવાન છે.**

હું પ્રસ્થાન કરીશ એટલે તમે સૌ રોટલા ભેગા થશો. પરંતુ પ્રસાદરૂપ જાણીને આફરો ન ચડે એટલું માપમાં ખાશો. કારણ કે જેમ અતિ ઉપવાસ કરવા એ હિંસા કહેવાય એમ અતિ ખાવું એ પણ હિંસા ગણાય. કારણ કે **શરીર છે એ ભગવાનની પ્રાપ્તિ કરવાનું સાધન છે એટલે શરીર ને સાચવવાની જવાબદારી આપણી છે. સ્વસ્થ રહીએ એટલું ટેન્શન ઓછું.** ડાયાબિટીસ અને કોલેસ્ટીરોલ વારસામાં મળે તેના કરતા વધારે તો આપણે ખાઈને ઉભું કરીએ છીએ. પચાવનારની ક્ષમતા ન હોય તો પણ મૂકો એક લાડુ વધારે. એ તો પડશે ને દેવાશે, અડધી ગોળી વધારે ખાઈ લઈશું' આવું ન કરવું.

તમારા જે ઈષ્ટદેવ હોય કે કુળ દેવી હોય, મહારાજે સાત્વિક દેવી ને માન્ય કરેલ છે. સાત્વિક દેવી એ શક્તિનું સ્વરૂપ છે. બહેનો જે કરી શકે છે એ આપણે નથી કરી શકતા. સંસ્કાર પ્રથમ મા ના ખોળામાંથી અને એ પહેલા ગર્ભમાંથી આવે છે. પછી જેમ સમય વીતે અને જગતનો વાયરો લાગે એટલે પછી બગડતા જઈએ, પરંતુ બગડવાનું નહી. બધું મળ્યું હોય પછી ચાળા સૂઝે. અને પછી હેઠા પડે. **સમય પહેલા સાવધાન થઈ જાય એ માણસ સુખી થાય છે. સમય બતાવે ત્યારે મોડું થઈ જાય છે. આ સનાતન સત્ય છે.** નવા વર્ષનો આ પ્રથમ ઉત્સવ છે માટે બધા પ્રેમથી મળજો. નવું વર્ષ કાજુ, બદામ, ચવાણા કે મીઠાઈ ખાવા અગર જ્યુસ પીવા નથી હોતું. કોઈની સાથે આંટી પડી હોય તો ખોલી નાંખજો. મનની સ્વભાવની ગાંઠો છોડવા માટે પર્વ હોય છે. જતું કરે એ મોટો, જાડી ગાડી લાવે એ મોટો ન કહેવાય. પરિવાર હોય કે સમાજ હોય જે જતું કરે તેની કિંમત વધે છે. અહીં તમે બધા જે બેઠા છો એ બધા ભગવાનના ભક્તો જ છો. માણસાઈ રાખવી એ જ મોટો ધર્મ છે. **ગુણ બુદ્ધિ રાખીને રહેવું એમાં જ સુખ છે, ઉંઘ પણ એને જ સારી આવે છે.** આપણા એક નેજા હેઠળ કેટલા મંદિરો સુખેથી ચાલે છે ! મને ક્યારેક તમે ટેન્શનમાં કે દુઃખી જોયો ? **દેવને આગળ રાખીને ચાલીએ તો કોઈ સમસ્યા થવાની જ નથી. આ સંસ્કારો, આ ધરોહર અમને સાથ પેઢીથી વારસામાં મળે છે. માટે દેવને આગળ રાખીએ એજ મોટો મંત્ર છે.**

**(૨) ગાંધીનગર (સે-૨૩) મંદિર વચનામૃત જ્ઞાન વર્ષા મહોત્સવ પ્રસંગે તા. ૧૪-૧૨-૨૦૧૯ (સંપાદન : ગાંધીનગર મંદિર)** : આપ સૌ સંતો ભક્તોને મળી આનંદ થયો. હું મારા ઘેર જ આવ્યો છું. સ્વામી મળવા આવ્યા ત્યારે મેં કહેલું, સ્વામી તમારે આવવાની જરૂર નથી. એકવાર લખાઈ ગયું એટલે જે થવું હોય તે થાય, આમંત્રણ ન હોય તો પણ હું આવું જ. દરશન કર્યા ત્યારે થયું ઠાકોરજીનું સિંહાસન ચોખ્ખું છે. ચોખ્ખું એટલે કેવું ? વધારાની એસેસરીઝ વિનાનું ! એસેસરીઝ એટલે ચકલા, કબૂતર કે પુષ્પો મુક્યા હોય અને ડેકોરેટ કર્યું હોય તેની વાત નથી, તેનો વાંધો નથી પરંતુ ભગવાન સાથે બીજા એટલા મૂક્યા હોય કે ભગવાન જ ઢંકાઈ જાય ! આજકાલ તો જાત જાતની ફેશન નીકળી છે. ઘણા ભગવાનને ચશ્મા પેરાવે છે. બોલો, **શાસ્ત્રમાં ક્યાંય વાચ્યું છે એવું કે મહારાજને ચશ્મા હતા, અરે બેતાલાય નહોતા ! હા ! નિત્યાનંદ સ્વામીને ચશ્મા હતા અને એ ચશ્મા તો આજે પણ આપણી પાસે છે. એટલે વાત એ હતી કે ભગવાનના સિંહાસનમાં ભગવાન જ પર્યાપ્ત નથી ? કે ભગવાનની સાથે બીજા કેટલાય મૂકવા પડે !**

આપણે વ્યાસપીઠની આરતી ઉતારીએ છીએ, ટેવાઈ ગયા છીએ. અહીં તો **વચનામૃત એટલે મહારાજના વચન છે. અને મારી વાણી એ મારું સ્વરૂપ છે. આ મહારાજના શબ્દો છે અને આજે અહીં એ સ્વરૂપનું પૂજન થાય છે, એ વ્યાસપીઠ છે એનું ગૌરવ છે.** શાસ્ત્રી સ્વામીએ ઘણી બધી કથાઓ વાંચી છે. ઘણા પુસ્તકો લખ્યા છે. મેં સ્વામીને કહ્યું, એક એવું પુસ્તક લખો કે જે તમારા સંસ્મરણો હોય પરંતુ આજ સુધી તમે કહ્યા ન હોય. કારણ કે એ ઈતિહાસ અને એ ધરોહરની કિંમત છે. એ ઈતિહાસ દરેક જગ્યાએ મળતો નથી. મેં સ્વામી સાથે સમય વિતાવ્યો હોય, ત્યારે ઘણી વાતો થઈ હોય તેમાંથી થોડું યાદ હોય, બાકીનું મોટા બાપજી

**ભગવાન મળ્યા એટલે ઘણું મળ્યું અરે ઘણું શું ? બધું જ મળ્યું !**

મુક્તાનંદ સ્વામી વડીલમાં વડીલ સંત હતા. ધુરંધર સંત હતા અને રામાનંદ સ્વામીના શિષ્ય હતા. જે એક સમયે મહારાજના ઐશ્વર્યને સમાધિ પ્રકરણને સ્વીકારવા તૈયાર નહોતા. બહુ ગહન ભાષામાં નહી પરંતુ ૨૦૧૯ ની આપણી ભાષામાં સરળતાથી સમજણ પડે એવી રીતે કહુ તો સ્વામી માનવા તૈયાર નહોતા એટલે કહે, આજ કાલનો આવેલો છોકરો એને ગાદીએ બેસાડી દીધો અને અમે દુનિયા ફરીને બેઠા છીએ. સમજણ પડીને હવે ? પરંતુ એ જ મુક્તાનંદ સ્વામીએ પછીથી લખ્યું, **મન તમ સંગ મોહ્યું... મહારાજની આરતી કરતા કહ્યું. કાળ કર્મથી છૂટી, કુટુંબ સહિત તરશે.... આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી, મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સિધ્ધિ.....** કેટલું સરળ કરી નાંખ્યું, કઠણ હતું જનહિ અને આજે પણ નથી જેને ઓળખાય એના માટે ! બાકી જગતમાં તમે જુઓ કેટલાક ઉંધા માથે તો કેટલાક સીધા માથે લટકાવે છે. પછી શું કરવું તેની ખબર ન હોય. નક્ષત્ર વાર ને તહેવાર, વારંવાર ઉપવાસ, એ તો સારું છે કે સાત જ વાર છે નહીં તો તોડી નાંખે ભૂખ્યા રાખીને. શ્વાસ લેવા દે છે એટલું સારું છે આ જગતમાં. આપણને જે મળ્યું છે એની કિંમત નથી આપણને. બાકી જગતમાં જુઓ કેટલા ભટકે છે અને કેટલી દિવાલે માથા પછાડે છે. પરંતુ આપણે ક્યાંય જવુ નથી પડતું. **ના ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી** કેટલું સરળ છે ! **complication** (ગૂંચવાડો) આપણે ઉભો કર્યો છે. આપણું મન સરળતામાં ગૂંચવાડો ઉભા કરવા રૂપ ચાળા કરે છે.

ઘણા બહુ દૂર દૂર જાત્રા કરવા જાય છે. જાત્રા કરે તો ઠીક પરંતુ વેકેશન હોય એટલે ફરવા જતા હોય. મને ખબર છે. કેમ કે ફોન મારા પર આવે. જરા ઉતારાની તથા જમવાની વ્યવસ્થા થાય તેવી ભલામણ કરી દેજોને, સ્વામી તમારા પર પણ આવા ફોન આવતા જ હશે ? ભાઈ તમે સ્પષ્ટ કહી દો કે ફરવા ગયા છીએ તો વ્યવસ્થા કરી આપીશું. કારણ કે હું માનું છું ત્યાં સુધી આપણા પાસેથી ઘણું જાણવા મળ્યું હોય. ૩-૪ પેઢીના જૂના ઈતિહાસો જે બધી વસ્તુ લખાણમાં નથી હોતી. ધરોહર સાચવવાની છે. ધરોહર એટલે એવો ઈતિહાસ કે જે લખાયો ન હોય પરંતુ પરંપરામાં મળતો હોય છે અને એ જાણવું બહુ જરૂરી છે એ આપણી મૂડી છે. વડીલોથી લઈને બાળકો સુધીનો જે સેતુ રચાય છે તે આનાથી થાય છે. એમાંથી ઘણું બધુ પ્રાપ્ત થાય છે. અમૂક સંસ્મરણો એવા હોય છે કે જે કોઈને ખબર જ નથી હોતી. સ્વામી સાથે અમે અમેરિકા અને લંડનમાં પણ ખૂબ ફર્યા છીએ. તેઓની પાસે ઘણા એવા સંસ્મરણો છે કે જે વારસો આગળ ધપાવવો જરૂરી છે. પરિવારનો જ ઈતિહાસ હોય તો પણ બાળકો પર થોપાતો નથી. અમે નાના હતા ત્યારે આવું હતું અને તેવું હતું એમ કહેવા જાવ તો જવાબ મળશે કે તમે દુઃખી થવાનું લખાવીને આવ્યા હશો, બળ્યા તમારા ભાગ્ય ! અમારે એવું નથી લખ્યું. પરંતુ એ જ ઈતિહાસ જ્યારે વાતમાંથી વાત નીકળે અને સરળતાથી સહજ ભાવે કહેવાય ત્યારે ભાવિ પેઢી ગ્રહણ કરે છે. ૧૦, ૧૨ કે ૧૫ વર્ષે પણ દીકરા-દીકરીઓને એ વાત click થશે. **અને આપણે ભાગ્યશાળી છીએ કે કોઈ છેડો ન આવે એટલા ઈતિહાસો આપણી પાસે છે. જ્યારે લોકો પાસે દંતકથાઓનો ઢગલો પડ્યો છે. આપણી પાસે દંતકથા નથી, ઈતિહાસ છે આ બહુ સમજવાની વસ્તુ છે, હવે આપણે તેને કેટલું ઉજાગર કરી શકીએ છીએ તેના પર વાત છે.**

વાત વચનામૃતની છે, વચનામૃતનો ઉત્સવ છે. આપણા શાસ્ત્રોમાં એટલું બધું ભર્યું છે જેની કોઈ સીમા નથી. શાસ્ત્રી સ્વામીએ બહુ સરળ કરીને પુસ્તકોમાં તમને આપી દીધું છે. મુક્તાનંદ સ્વામીનું એક વાક્ય જ લઈએ. રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું. એમ લખ્યું હોત કે જૂઠું સુખ **માનીને** વગોવ્યું.... તો ! અનુભવથી જે શીખાય છે તેને જાણ્યું કહેવાય. જ્યારે માનવાનું એ ઉધાર છે. છાપામાં જે આવે છે એ તમે માનો છો. આજે ચૌદ તારીખ થઈ હો, આપણને ખ્યાલ ન હોય અને કોઈક આવીને પંદર તારીખ કહે તો આપણે માની લઈએ છીએ. મારે બોલવાનું હોય તો કોઈ દિવસ તૈયારી કરીને આવતો નથી. માણસ વાંચ્યા એટલે ઘણું વાંચ્યું. ગોપાળાનંદ સ્વામી વગેરે મોટેરા નંદ સંતો કેટલા

સામર્થ્યવાન હતા છતાં મહારાજ સામે બધાય પોતાનું સામર્થ્ય છુપાવીને રાખતા. પોતાની સામર્થી એ મહારાજની કૃપાએ કરીને જ માનતા. મહારાજને જ તેઓ સર્વોપરી અને કર્તા હર્તા જાણતા આમાં બધું આવી જાય છે.

તમારા બાળકો પણ મંદિરના પ્રાંગણમાં આવે એવું વાતાવરણ આપજો. ઘરમાં સારા પુસ્તકો હોય એ સારી વાત છે. પરંતુ તકલીફ એ છે કે બાજુમાં ડબલા (મોબાઈલ) પણ પડ્યા હોય છે. ટેકનોલોજીનો વિવેક બુદ્ધિથી ઉપયોગ કરવાનું મહારાજે આપણને શીખવાડ્યું છે. સદુપયોગ કરવો કે દુરુપયોગ કરવો એ આપણા હાથની વાત છે. ટેકનોલોજી સારી બાબત છે. આજે આ આટલા બધા ડબલા ચારે બાજુ પડ્યા છે. પણ એના દાસ થઈએ એ સારું નહીં. ઘણા તો રીંગટોન વાગે ને અડધો સાબુ ઘસેલા બહાર નીકળે. વાતમાં કંઈ હોય નહી. ગુડ મોર્નિંગ... ગુડ ઈવનીંગ... ભાઈ ! સુખેથી જીવવા દો તો સારું ! ઘણા આખો દિવસ વોટસએપ પર પડ્યા રહે. વોટસએપ ઉપર એ જ શબ્દો હોય, વધારામાં જય સ્વામિનારાયણ..... એટલું બધુ મોકલે જેથી હું તો એને પહેલામાં પહેલો બ્લોક કરી દઉં છું. કેમ છો ! એવું આવે. બીજું શું ચાલે છે ? બીજું શું ચલાવવું છે તમારે ? બોલો, તમે કહો એ ચલાવીએ. આ તો ના ચલાવીએ એ જ સારું છે. દુનિયામાં બધું આ જ ચાલે છે ? આપણે આપણું ચલાવીએ તો બહુ છે.

આ સમયના યુગમાં તમે સૌ અહીં સમય આપ્યો છે તે બદલ અનેકાનેક ધન્યવાદ. મારી ખાસ ભલામણ છે કે તમારા ફેમીલીને પણ સમય આપજો. સ્વામી ! તમે તો શરીર સાચવો જ છો. ભલામણ કરવાની જરૂર નથી. બસ મહારાજ તમારું શરીર સારું રાખે અને મળતા રહીએ. હસતા બોલતા રહીએ અને મઝા કરીએ આટલું કહી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.શાસ્ત્રોમાં લખ્યા મુજબ તો ગાંઠનું ખરચીને, ગાંઠનું ટીમણ લઈને જાત્રાએ જવું એવું જ છે ને સ્વામી ! હવે આ તો મેચ થતું નથી, થાય છે ? આપણે તો સંપૂર્ણ સવલત જોઈએ. રૂમ બરાબર નથી. આમ જોઈએ તેમ જોઈએ, ડબલ બેડ જોઈએ, તકિયો જોઈએ, ઓઢવાનું સારું જોઈએ. એમને કહેજો જરા રૂમ સરખી આપે. આવું જ કરવું હોય તો પછી હોટલો ઘણી છે.

**અડસઠ તીરથ ચરણે.... આપણા મંદિરોમાં ભગવાન છે. મહારાજે કહ્યું કે આમાં અમે પ્રત્યક્ષ રહ્યા છીએ. આ મારા શબ્દો તો છે નહીં. મહારાજના શબ્દો છે એટલે એ શબ્દો લૌકિક ન કહેવાય. મહારાજનું વચન છે કે આ મૂર્તિઓને ધાતુ પાષાણ કે ચિતરામણની ન માનશો. આ મૂર્તિઓમાં અમે પ્રત્યક્ષ રહીને તમારા સૌના નાના મોટા દરેક શુભ સંકલ્પ પૂરા કરીશું. પોતાના આશ્રિતને અન્ન, ધન, વસ્ત્ર અને આબરુંની ગેરંટી મહારાજે આપી છે. આનાથી વધારે શું જોઈએ ?** આજીવન પર્યંત આવી ગેરંટી તો કોઈ બાપ પણ પોતાના છોકરાને નથી આપતા. આ વાસ્તવિકતા છે ને ! જો આપણે મહારાજના થઈને રહીએ તો અન્ન, ધન, વસ્ત્ર અને આબરુનું **statement** (કેફિયત) પૂર્ણ વિરામ મૂકીને મહારાજે આપણને આપ્યું છે.

સ્વામીને અભિનંદન આપું છું કે તેઓએ તમને સરળતા શીખવાડી છે. દંભ ને નાટક બધું દુનિયામાં ચાલે છે. અહીં તમને એ જોવા નહી મળે. ચેલા કરીએ તો મેઈન્ટેનન્સ રાખવું પડે. માણસ પોતાનો પરિવાર સાચવી શકે તો ઘણું છું. બીજો પાછો ક્યાં ભાર લઈને ફરવું ? પરંતુ જે સુજ્ઞ હોય, ભગવાનનો જેને ખપ હોય એ સરળ હોય છે. **સામર્થ્ય હોવા છતાં સામર્થ્ય છુપાવીને સરળતાથી રહેવું એ બહુ મોટું સામર્થ્ય છે. જે ભાગ્યે જ કોઈકમાં જોવા મળે.** બાકી તો સહેજે કોઈક મોટા માણસ સાથે ઓળખાણ હોય તો પણ કોલર ઉંચા કરીને બટન ખુલ્લાં રાખીને ફરે. તમે જુઓ, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી,

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

# આવા અડબંગા સાધુ ન જોઈએ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન છે. ત્યાં દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, અલૈયા ખાચર, માતરા ધાંધલ, લાધા ઠક્કર, હરજી ઠક્કર વગેરે મહારાજ પાસે આવ્યા. પગે લાગીને બેઠા.

શ્રીહરિએ પૂછ્યું, આટલા બધા ભેગા થઈને કેમ આવ્યા છો ?

એક ભક્તે કહ્યું, મહારાજ ! મંદિરનું કામ ચાલે છે. કડિયા પાણી વિના બેઠા છે. ખેડૂતો કોસ હાંકવા જતા રહ્યા છે તેથી મંદિર માટે પથ્થરો લાવવા કોઈ જતું નથી.

બીજા ભક્ત બોલ્યા, મહારાજ વરસાદ કરો તો બધી મુશ્કેલીનો અંત આવે.

અન્ય ભક્તોએ પણ સાથ પુરાવતા કહ્યું, હા મહારાજ વરસાદ થાય તો બધી મુસીબતોનો અંત આવે. પાણી વિના મોલ પણ સૂકાય છે. પશુઓ માટે પણ પાણીની તંગી છે.

મહાપ્રભુ કહે છે વરસાદ કરવો અમારા હાથમાં નથી.

મહારાજનું વચન સાંભળી બધા ભક્તો એકી સાથે બોલી ઉઠ્યા. હે મહારાજ ! આપના હાથમાં જ છે. આપ ધારો તે કરી શકો છો.

વરસાદ તો ઈન્દ્રના હાથમાં છે શ્રીહરિએ કહ્યું.

સુરા ખાચર બોલ્યા, ભણે મહારાજ ઈન્દર કંઈ તમારાથી મોટો છે ? તમે આજ્ઞા કરો તો તરત વરસાદ કરે.

મહારાજ કહે છે, જુઓ ભક્તો વરસાદનો અધિષ્ઠાતા ઈંદ્ર છે. વરસાદ કરવો ન કરવો એ એનો અધિકાર છે. એના કાર્યમાં હસ્તક્ષેપ કરવો એ અમને યોગ્ય નથી લાગતું. અમે ઈન્દ્રિને કંઈ નહિ કહીએ.

નિરાશ થઈને બધા હરિભક્તો ગોપાળાનંદ સ્વામી પાસે ગયા. વરસાદ વિના પડતી મુશ્કેલીઓ એમની પાસે રજૂ કરી. ખેડૂતો બધા પાણી માટે કોસ હાંકવા જતા રહ્યા છે. મંદિરનું બાંધકામ પાણી અને પથ્થર વિના અટકી પડ્યું છે. ખેતરોમાં વાવેલા મોલ પણ વરસાદ વિના સૂકાય છે. માટે હે સ્વામી ! તમે એક સારો વરસાદ થવા દો.

દાદા ખાચરે કહ્યું, અમે મહારાજ પાસે ગયા હતા. પણ મહારાજે કહ્યું કે વરસાદ ઈન્દ્રના હાથમાં છે. વરસાદ કરવાની તેની મરજી નથી. એ ઈન્દ્રની સત્તાની વાત છે. અમે એના કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ નહિં કરીએ.

હે ભક્તો ! તો હું પણ મહારાજની મરજી વિરૂદ્ધ જઈ શકું નહિ. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું.

હરિભક્તો ઉદાસ થઈ ગયા. બધા એક સ્થળે જઈને બેઠા. વિચારવા લાગ્યા કે હવે શું કરવું ? કોઈ હરિભક્તે વિચાર રજુ કર્યો તેણે સચ્ચિદાનંદ સ્વામી આપણું સાંભળે એવા છે. હાલો સ્વામીના વંડે જઈ તેમને વાત કરીએ. બધા તેમની ઓરડીએ પહોંચ્યા.

સચ્ચિદાનંદ સ્વામીએ બધાને આવકાર્યા. આવવાનું પ્રયોજન પૂછ્યું. હરિભક્તોએ સઘળી વાત કરી. પછી સ્વામી સામે સૂચક નજરે જોઈ રહ્યા.

સ્વામી બોલ્યા, વરસાદ તો હું હમણાં કરાવું. પરંતુ આ કામ મહારાજની મરજી વિરૂધ્ધનું છે. મહારાજ મને વઢે. વિમુખ કરે સત્સંગની બહાર કાઢી મૂકે તો તમે સૌ મારો બચાવ કરશો ?

હા સ્વામી, અમો સૌ તમારા પક્ષમાં રહી તમારો બચાવ કરશું. મહારાજને સમજાવશું.

સ્વામી ઈન્દ્રલોકમાં ગયા. ઈન્દ્રને તતડાવ્યો એલા તારા દિલમાં દયા જેવી ચીજ છે કે નહિ ? પૃથ્વીવાસીઓ વરસાદ માટે વલખાં મારે છે. સ્વામીએ ગુસ્સે થઈ આટલું કહ્યું ત્યાં તો ઈન્દ્રે વરસાદ વરસાવવાનું ચાલુ કરી દીધું. પછી બોલ્યો, મુનિવર વરસાદ શરૂ થઈ ગયો છે. ઠીક ઠીક જરૂર પુરતો વરસી રહે એટલે બંધ કરી દેજે. એટલું કહી સ્વામી દાદા ખાચરના દરબારમાં આવી ગયા.

અક્ષર ઓરડીમાં મહારાજ પોઢ્યા છે. બહાર વરસાદનો અવાજ સાંભળી બ્રહ્મચારીને પૂછ્યું. આ અવાજ શાનો થાય છે ? બ્રહ્મચારી ખુશી વ્યક્ત કરતાં કહે છે - હે મહારાજ ! બહાર આવીને જુઓ તો ખરા વરસાદ આવે છે. આપે અંતે ભક્તોનું કહ્યું સાંભળ્યું. શ્રીહરિએ કોઈ પ્રતિભાવ આપ્યો નહિ.

બીજે દિવસ સવારમાં મહારાજ લીંબડા નીચે વિરાજમાન થયા છે. મુખ ઉપર ગુસ્સાનો ભાવ દર્શાવી

(અનુ. પેજ નં. ૧૬ પર)

# "આ જમ્યા તે સંભારી રાખજો !"

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

ગામ પંચાળાના આહીરો ''માથા ભારે'' ગણાતા. પરંતુ બાકર સાહેબ (કર્નલ વોકર)ની મદદથી શ્રીહરિએ માતેલા સાંઢ જેવા એ આહીરોને ડારીને શિયાળ જેવા કરી દીધા. ઝીણાભાઈનું અનાજ જે દોઢ-બે વરસથી દબાવી રાખેલું તે બધું એમના કોઠારમાં ભરાવી દીધું. કરડા આહીરોએ ઝીણાભાઈની માફી માંગી અને શ્રીહરિના ઐશ્વર્યમય તેજો પ્રતાપથી સૌ આહીર અને ભરવાડો મહારાજના આશ્રિત બની ગયા ! આષાઢી સંવત ૧૮૬૮ (સને ૧૮૧૨)નો કારતક મહિનો એ હતો.

બરાબર અગિયાર વરસ પછી એટલે કે સંવત ૧૮૭૯ માં મહારાજે પંચાળામાં ફૂલદોલ ઉત્સવ કર્યો અને સંતો સાથે મહારાસ રમ્યા. બીજે દિવસે સમગ્ર ગામને જમાડવાનું મહારાજે નક્કી કર્યું તે પહેલાં ત્યાંના આહીરોને મહારાજે બોલાવ્યા.

પડછંદ દેહધારી આ માટી પગા માનવીઓ મહાપ્રભુ પાસે આવ્યા. પાઘડીઓ ઉતારી અને હાથ જોડી દીન વદને ઉભડક બેઠા. અગિયાર અગિયાર વરસોથી સત્સંગના રંગે રંગાયેલા આ ધરતીપુત્રોના મુખ ઉપર અનેરી ખૂમારી ચમકતી હતી. આંખોમાં શ્રીહરિ પ્રત્યેની અનન્ય નિષ્ઠાનો નિત્ય નવીન ભાવ ઝળહળી રહ્યો હતો.

''આવતી કાલે'' અમારે તમને જમાડવા છે, બોલો કેવા પકવાન કરીએ ? સાટા, જલેબી, મગસ, મોહનથાળ, બુંદી લાડુ કે મૈસુર ?'' મહારાજે પૂછ્યું.

આ સાંભળી બધા એકબીજાના મોઢા સામું જોવા લાગ્યા ને અંદરો અંદર ગુસપુસ કરવા લાગ્યા. ''આવા કોરા સુખડામાં કાંઈ અમારું પેટ ભરાય નહિ. શેલણ જમાડો તો આવીએ.'' ભોળા ભાવે બધાએ અંતરની વાત મહારાજ સમક્ષ રજૂ કરી.

''આ શેલણ વળી શું છે ?''

''પ્રભુ ! આ દેશમાં ચોખા, ગોળ અને તેમાં ખૂબ ઘી નાંખીને જે ભોજન તૈયાર થાય તેને આ લોકો 'શેલણ' કહે છે.'' ઝીણાભાઈએ મહારાજને સમજ આપી.

''તો ભલે શેલણ જમાડીશું.'' મહારાજે તમામને શેલણની દાવત આપી.

સૌ હરખાતાં હરખાતાં ઘેર ગયા. ''આવતી કાલે તો મહારાજ સ્વયં આપણને શેલણ જમાડવાનાં છે.'' જાણે સત્સંગ સ્વીકાર્યો એની પ્રસાદી પામવાનાં હોય એટલો બધો આનંદ છવાઈ રહ્યો !

મહારાજે આદેશ આપ્યો, ''રંગેડામાં ચોખા રંધાવો. ગોળના માટલાં મંગાવો ને ઘી ની મોટી કડાઈ ચૂલે ચઢાવો.''

મહારાજનો આદેશ મળતાં જ સૌ તૈયારીમાં લાગી ગયા. બીજે દિવસે તો લીલુડી નાઘેરના નરમ નરમ સુંવાળા ગોળના ગાડે ગાડા આવી ગયા. ગરમા ગરમ ગળેલો ભાત પણ તૈયાર થઈ ગયો. ચૂલા ઉપર એક મોટી કડાઈમાં તવેથા વડે શ્રીહરિ જાતે ઘીને ગરમ કરી રહ્યા હતા ! એ સોડમતા ઘીની સુગંધની તો વાત જ શી કરવી !

આહીરોની મોટી પંગત પડી. ચાર ચાર આંગળ ઊંચી ધારવાળી કાંસાની થાળીઓ મુકાઈ ગઈ. ખોબલા ભરી ભરીને રાંધેલ ભાતને ગોળ પીરસાવા લાગ્યા. પાછળ મહારાજ કછોટો વાળી ખભે ઉપરણી મૂકી ઘીની તાંબડી લઈ પંગતમાં ઘૂમવા લાગ્યા. થાળીઓ ઘીથી છલકાવા લાગી. પાંચને પીરસે ત્યાં તો એ નવશેરી તાંબડી ખાલી થઈ ત્યાં તો બે પાર્ષદો દોડીને એ તાંબડી ભરી દેતા.

છેલછબીલા સુંદર શ્યામે શેલણ એવું જમાડ્યું કે થાળીમાં કોઈ હાથ નાંખી ન શકે ! સીધી થાળી જ મોઢે માંડે. ઝડપથી પીરસવાથી મહારાજના મુખારવિંદ ઉપર પ્રસ્વેદબિંદુઓ ચમકી રહ્યાં. આહીરો શ્રીહરિની આ અલૌકિક મૂર્તિ નિહાળતા જાય અને થાળી ખાલી કરતા જાય ! આહીરો જમતા ન થાકે અને મહારાજ પીરસતા ન થાકે !

''બસ પ્રભુ બસ ! હવે રહેવા દ્યો. પ્રભુ ! આવું શેલણ કોઈએ આજ સુધી પાયું જ નથી. આજ તો તમે અમને હરાવી નાંખ્યા !''

**''આ જમ્યા તે સંભારી રાખજો''** મંદ મંદ હસતાં હસતાં મહારાજે મર્માળી વાત કરી. સરળ લાગતા શ્રીહરિના આ સંવાદમાં ભારોભાર સામર્થ્ય છુપાયું હતું. અનંત બ્રહ્માંડોના આ અધિપતિ ધારે તે કરી શકે. બસ,

આ ભોજન ચરિત્ર જ સંભારી રાખવાની વાત હતી!

વિનોદી સુરા ખાચરે વળી સૂર પૂરાવ્યો. "જમ્યા એ તો સાંભરશે જ પણ જમાડનારને પણ ભૂલશો નહિ. એ તાંબડી લઈને કમર કસીને મહારાજે તમારી થાળીયું છલકાવી દીધેલી. એ લટકાં ને એ આંખ્યુંનાં મટકા - છેલ છબીલાની આ અનોખી મૂર્તિ પણ ભૂલશો નહિ."

"સારું સારું બાપજી! આ તે શે ભૂલાય?" એમ કહી મહારાજને પ્રણામ કરી સૌ છૂટા પડ્યા. મહારાજ કહે, "ચાલો હવે શેલણ તો આપણે પણ ચાખીએ." ચાખવાનું નથી પીવાનું છે ને અમને પાવાનું પણ છે." સુરા ખાચરે મનની વાત કરી. મધમધતા ઘીની સોડમથી સુરા ખાચરને ક્યારનીય ભૂખ ઉઘડેલી!

"તો ચાલો બેસી જાવ પંગતમાં" મહારાજે સૌને પહેલા પીરસ્યું. સંતો, દરબારો, હરિભક્તો સૌને તૃપ્ત કર્યા ને પછી શેલણનાં ભોજન કર્યા.

ઝીણાભાઈના એ ખેડુ આહીરોએ શેલણ અને ઘી પીરસતી શ્રીહરિની "રમ્ય મૂર્તિ" અંતરમાં ઉતારી લીધી હતી.

કહે છે કે અંતકાળે મહારાજ શેલણ સાથે એ જ ઘીની તાંબડી લઈ સૌને લેવા પધાર્યા હતા.

પ્રસંગનું નિમિત્ત ઉભું કરી પ્રેમીજનોને મનગમતાં ભોજન કરાવવાં અને એ પ્રસંગને મોક્ષનો હેતુ કરી દેવો આવી અદ્‌ભુત મોક્ષની રીતિ તો સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સિવાય ક્યાંય જોઈ નથી!

(અનુ. પેજ નં. ૧૪ નું)

કોઈનું નામ લીધા વગર કહે છે. અમારી મરજી વિરૂદ્ધ અવળા કામ કરે છે. કરવાનું છે એ કરતા નથી અને નથી કરવાનું તે કરે છે. તમને કોણ આવી સલાહ આપે છે? સચ્ચિદાનંદ સ્વામી એક ખૂણામાં બેઠા છે. મહારાજના વચનો સાંભળી દાદા ખાચર આદિક હરિભક્તોએ કહ્યું, હે મહારાજ જેમણે વરસાદ કરાવ્યો છે તેમનો કોઈ વાંક નથી. અમે એમની પાસે જઈ વિનંતી કરી હતી. એમને દયા આવી એટલે ઈન્દ્રદેવ પાસે જઈ વરસાદ કરાવ્યો.

એમણે એટલે કોણ? શ્રીહરિએ ગુસ્સાથી પૂછ્યું.

સચ્ચિદાનંદ સ્વામી,

આવા અડબંગા સાધુ મારે જોઈએ નહિ. કાં તો એમને રાખો અથવા અમને રાખો. એ રહેશે તો અમે જતા રહેશું.

દાદા ખાચરે પગે લાગી કહ્યું, ના મહારાજ તમને તો અમે જવા જ નહિ દઈએ. એ સાધુ જતા રહેશે. મહારાજનું વચન સાંભળતાં જ સચ્ચિદાનંદમુનિ ઘેલાને સામે કાંઠે જતા રહ્યા. એક છીપર ઉપર ઉઘાડે શરીરે ઉદાસ થઈને બેઠા.

બે દિવસ પસાર થઈ ગયા. અક્ષર ઓરડીમાં બેઠેલા શ્રીહરિએ બ્રહ્મચારી પાસે પાણી માગ્યું. પાણી પીધા પછી થોડીવાર રહીને પાછું પાણી માગ્યું. તે પછી થોડીવારે ફરી પાણી માગ્યું. ત્યારે બ્રહ્મચારી બોલ્યા, કૃપાનાથ! કેમ વારે વારે પાણી પીવું પડે છે?

મહાપ્રભુ કહે છે બ્રહ્મચારી! તરત છીપતી નથી. બહુ સોસ પડે છે.

તરસ છીપાવવા તમે કહો તેમ કરું.

ઘેલાને સામે કાંઠે સચ્ચિદાનંદ સ્વામી બે દિવસથી ભૂખ્યા અને તરસ્યા બેઠા છે. તમે એમના માટે સાકરનું પાણી કરી લાવો. હું થોડું પીશ. પછી તે પાણી તે સ્વામીને જઈ પીવડાવો અને કહેજો કે આજે અમારા માતાજીનું શ્રાધ્ધ છે. તે બપોરે જમવા આવે.

આજ્ઞા મુજબ બ્રહ્મચારી ગયા. સ્વામીને સાકર મિશ્રિત જળ પાયું. અને કહ્યું કે આજે ભક્તિમાતાનું શ્રાધ્ધ છે. એટલે મહારાજે તમને જમવા માટે બોલાવ્યા છે.

બપોર થતાં સ્વામી દરબારમાં આવ્યા. મહારાજને દંડવત પ્રણામ કર્યા ત્યારે શ્રીહરિ ઉભા થઈ સ્વામીને ભેટ્યા. અને કહ્યું, સ્વામી હું તમારા ઉપર બહુ રાજી છું. આજે અમારા માતાજીનું શ્રાધ્ધ છે. મુળજી બ્રહ્મચારીને બોલાવી કહ્યું અમારો થાળ લાવો. બ્રહ્મચારી થાળ લઈ આવ્યા તે મહારાજ જમ્યા. અને વધેલી પ્રસાદી બધી સચ્ચિદાનંદ સ્વામીને આપી. પછી બ્રહ્મચારીને કહ્યું કે સ્વામીને સારી રીતે જમાડજો.

જમીને સ્વામી મહારાજ પાસે આવ્યા. પગે લાગી આજ્ઞા માગી. શ્રીહરિએ મુખવાસ આપતાં કહ્યું, સ્વામી હું તમારા પર બહુ રાજી છું. હવે તમે લક્ષ્મીવાડીએ રહેજો અને ત્યાં કામ કરજો.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....



આપણો સંપ્રદાય સાહિત્ય ક્ષેત્રે ખૂબજ સમૃધ્ધ છે. શ્રીજી સમકાલીન નંદ સંતોએ ગદ્ય અને પદ્યમાં અસંખ્ય રચના કરી સંપ્રદાયને ભેટ ધરી છે. તેમાં શ્રીજી મહારાજના દર્શન માત્રથી નંદ સંતો શીઘ્ર રચના કરતા અને આપણા સદ્‌ભાગ્યે એ બધુંજ સાહિત્ય આજ દિન સુધી સંપ્રદાયમાં સચવાયેલ છે.

શ્રીજી મહારાજે અમદાવાદ, જેતલપુર, અસલાલી, ગઢડા, લોયા, પંચાળા, સારંગપુર, કારીયાણી, વડતાલ વગેરે સ્થળોએ સંતો - હરિભક્તો સાથે સભામાં પ્રશ્નોત્તરી કરી હતી તેને પણ શબ્દશઃ વચનામૃત સ્વરૂપે સચવાયેલ છે. શ્રીજી મહારાજના સાંનિધ્યમાં સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ.ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. મુક્તાનંદ સ્વામી, સ.ગુ.નિત્યાનંદ સ્વામી, સ.ગુ. શુકાનંદ સ્વામી એમ પાંચ સંતોએ સંકલન કરી આપણને ૨૭૩ વચનામૃતની ભેટ આપી છે. હાલમાં (હોલ નં. -૨માં તેનો ડાયોરામા પણ છે) વચનામૃતને ૨૦૦ વર્ષ પૂરાં થતા હોઈ કાલુપુર મંદિર દ્વારા દ્વિશતાબ્દી મહોત્સવ ૨૩ થી ૨૬ ફેબ્રુઆરી ધામધૂમથી ઉજવનાર છે.

આવા સત્સંગના અમૂલ્ય સાહિત્ય હસ્ત પ્રતો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સાચવેલ છે. એ હસ્તપ્રત લખવા વપરાતા કિત્તા અને લાઈન દોરવા હાથીદાંતમાંથી બનાવેલ આંકીયુ પણ મ્યુઝિયમના હોલ નં. ૨માં દર્શનાર્થે મૂકેલ છે.

-પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી જાન્યુઆરી-૨૦૨૦

તા. ૧૦-૦૧-૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) દરબારગઢ, મોરબી - હ. સાંખ્યયોગી રાજકુંવરબા તથા સાંખ્યયોગી ઉષાબા.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી જાન્યુઆરી-૨૦૨૦

| | |
|---|---|
| તા. ૦૩-૦૧-૨૦ | ડૉ. નિમાબેન અજયભાઈ પટેલ - સાયન્સ સીટી. |
| તા. ૦૫-૦૧-૨૦ | રમેશભાઈ કાંતિભાઈ - વડુવાળા - સાયન્સ સીટી. |
| તા. ૦૫-૦૧-૨૦ | (બપોરે) મૌલિક આર. ભાવસાર - મહેસાણા, હ. ડૉ. નરેન્દ્રભાઈ ડી. ભાવસાર. |
| તા. ૧૬-૦૧-૨૦ | જૈનિક વિનિતકુમાર મહેતા - શિકાગો |
| તા. ૧૬-૦૧-૨૦ | (૧૧ વાગે) અ.નિ. દક્ષાબેન સુરેશભાઈ મહેતા - વિહારવાળા-હિંમતનગર હ. હાર્દિકભાઈ તથા માર્મિકભાઈ |
| તા. ૨૨-૦૧-૨૦ | જશુબેન રમણભાઈ - કુંડાળવાળા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ જાન્યુઆરી-૨૦૨૦

| | |
|---|---|
| રૂા. ૨૫,૦૦૦/- | પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | હર્ષ રોનકભાઈ ઠક્કર, હ. ડૉ. વસંતભાઈ વાલુ - અમદાવાદ |
| રૂા. ૫,૫૦૦/- | પ.ભ. મીનાબા મધુભા ગોહિલ - ભરૂચ |
| રૂા. ૫,૨૫૦/- | પ્રેમચંદભાઈ પાટડીયા - સાયલાવાળા - યુ.એસ.એ. |
| રૂા. ૫,૧૦૦/- | સોની જયેન્દ્રકુમાર ચુનીલાલ - જન્મ દિવસ નિમિત્તે - પલીયડવાળા - રાણીપ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ-અમદાવાદ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### ધન્ય છે ઘેલાભાઈને !

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

મિત્રો ! આજની જે વાત છે તે ગુજરાતના પ્રત્યેક સાહિત્ય જગતે જે ઓગણોતેરા કાળની નોંધ લીધી છે તે સમયની છે. વિ.સં. ૧૮૬૯ નો એ ભયંકર દુષ્કાળ હતો કે ત્યારે ભૂખની ભીષણ આગમાં હજારો-લાખો મનુષ્યોના જીવન હોમાઈ ગયાં હતાં. જ્યારે મનુષ્યોની આ પરિસ્થિતિ હોય ત્યારે પશુઓની તો શું સ્થિતિ હોય તે કલ્પના માત્ર ધ્રૂજાવી દે તેવો એ કાળ હતો. એ સમયે અત્યારના જેવી સુવિધાઓ, સાનુકુળતાઓ પણ ક્યાં હતી કે દૂરદૂરથી અનાજ મંગાવી શકાય. બહુ વિકટ પરિસ્થિતિ હતી. તે સમયે ચપટી અન્ન માટે માણસો વલખાં મારતાં. મૃત માણસોને સળગાવવાની પણ વ્યવસ્થા ન થઈ શકે ત્યાં પશુઓની તો શું વાત ! મૃત પશુઓ અને મનુષ્યોના હાડપિંજરોથી ગામની ભાગોળો ઉભરાતી હોય તેવો ભીષણ દુષ્કાળ.

આજે આપણે જેમની વાત વાંચવી છે તે લોયા ગામના કોળી હરિભક્ત ઘેલાભાઈ અને તેમના પત્ની પણ આ દુઃખદ સ્થિતીમાં ફસાયા હતા. આવા દુઃખના સમયે પણ પરમાત્માના આશ્રયનું બળ રાખી પરિસ્થિતિનો સામનો કરતા હતાં. એવામાં ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયા ત્યારે આ દંપત્તિએ વિચાર કર્યો કે ભગવાનને યાદ કરીને આપણે કોઈ પ્રયત્નો કરવા જોઈએ. પછી તેમાં સફળતા મળવી કે ન મળવી તે તો ભગવાનના હાથની વાત છે. અહીં આ વિકટ પરિસ્થિતિ છે તો આપણે તળગુજરાતના વિસ્તારોમાં થોડો સમય જતા રહીએ ને ત્યાં મહેનત મજૂરી કરી આ કપરો સમય પસાર કરી નાંખીએ.

ઈષ્ટદેવને પ્રાર્થના કરી ઘર બંધ કરી દંપત્તિ પરમાત્માનું નામ સ્મરણ કરતાં લોયાથી તળગુજરાત તરફ ચાલ્યા જાય છે. પતિ થોડાં આગળ છે અને પત્ની પાછળ ચાલ્યા આવે છે. રસ્તામાં જ્યાં ત્યાં ક્યાંક ભીખ માંગીને તો ક્યાંક મહેનત મજૂરી કરી જે મળે તેમાંથી નિર્વાહ કરતા આગળ વધી રહ્યા હતા. રસ્તે ચાલતા એક દિવસ રસ્તા પર પડેલો સોનાનો હાર ઘેલા ભગતની નજરે દેખાણો. ભગત વિચાર કરે છે કે આ કોઈનો હાર પડી ગયો લાગે છે. મારા ઈષ્ટદેવની આજ્ઞા છે કે પરધનનો સ્પર્શ ન કરવો. મને તો તે લેવાનું મન ન થયું પણ આ પરિસ્થિતિને લીધે કદાચ મારી પત્નીનું મન લલચાય તો ! આ વિચારથી તેમણે તે હાર પર ધૂળ વાળી દીધી ને આગળ ચાલ્યા. પત્નીએ આ જોયું તેથી થોડી ઝડપ વધારીને પાસે આવી પૂછ્યું. પતિદેવ ! તમે શું કરતા હતા ? ઘેલાભાઈએ બધી વાત જણાવી. ત્યારે તેમના પત્ની કહે, આપણે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ. તમને તો કદાચ એ હાર દેખાયો પણ મારે મન તો પારકું ધન એ ધૂળ જ છે. ધન્ય છે આવા ભક્તોને !!!

હજુ તો માંડ પંદર-વીસ ડગલાં આગળ ચાલ્યા હશે ત્યાં એક ઘોડેસ્વાર ને આવતો જોયો. તેણે નજીક આવીને ઘેલા ભાઈને હાર વિષે પૃચ્છા કરી ત્યારે ભગતે કહ્યું કે હા, અમે હાર જોયો છે તે ત્યાં છે ને અમે તેના ઉપર ધૂળ વાળી છે. તે તમે લઈ લ્યો. પેલો ઘોડેસ્વાર ત્યાં જઈને હાર લઈને પાછો આ ભગત પાસે આવ્યો ને હાર બતાવવા બદલ બક્ષિસ આપવા લાગ્યો. પછી આશ્ચર્ય સાથે પૂછવા લાગ્યો કે અત્યારે આ કઠણ સમય છે તેમાં પણ આ એકવીસ તોલા સોનાના હારને જોઈને તમારૂં મન લલચાયું નહી !! તમે કોણ છો ? ઘેલાભાઈએ પોતાનો પરિચય આપતા કહ્યું - અમે કોળી છીએ ને લોયા ગામના છીએ. અત્યારે ગુજરાત બાજુ મજૂરી અર્થે જઈએ છીએ. અમે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ માટે અમે એ હાર લીધો નથી. અને અમારે આ બક્ષીસ પણ જોઈતી નથી. અમને તો મહેનતના રોટલા જ મીઠાં લાગે. આ બક્ષીસ લેવી હોય તો આખો હાર સંતાડી ન દેત ! ?

ઘોડેસ્વારને તો ભગતની આ વાત સાંભળી ખૂબ નવાઈ લાગી. તદ્દન ગરીબ, આવો દુષ્કાળ ને તેમાં આ નિર્જન રસ્તામાં પડેલો આવો કિંમતી હાર જોઈને પણ જેમનું મન લલચાયું નહી તે આત્મા કેવો બળવાન હશે !! આવા એ ભક્તના ભગવાન કેવા મહાન હશે !! જેઓના આશ્રયથી આવા ગરીબ લોકોએ પણ આવા ઉચ્ચ સંસ્કારને પ્રાપ્ત કર્યા છે. તે મનોમન સ્વામિનારાયણ

ભગવાનને નમસ્કાર કરવા લાગ્યો. ભક્તના આટલા સદ્વર્તને તો આ ઘોડેસ્વારના અંતરમનના તમામ પડ સાફ કરી દીધા. ને તેના શુધ્ધ થયેલા અંતરમનમાં સ્વામિનારાયણ ભગવાનની ભક્તિના અંકુર ફૂટ્યા. ધન્ય પ્રભુ ! તમે તો ખરા ચારિત્ર્ય નિર્માતા છો. તમારા પ્રસંગથી કેવા કેવા મનુષ્યો પણ આવા ઉત્તમ ચારિત્ર્યના ધારક બન્યા છે. તમે આવા મનુષ્યોના હૃદયમાં સદ્વૃત્તિની, સત્તચારિત્રની જ્યોત પ્રગટાવી છે. એવા હે જ્યોતિર્ધર ! હે પરમ દયાળુ સ્વામિનારાયણ ભગવાન ! મને તમારો આશ્રિત કરો.

ઘેલા ભાઈએ તો આ કાળને ભગવાનની કૃપાથી મહેનત દ્વારા સહજ રીતે પાર કરી દીધો પણ એની સાથે એક જીવના અંતરમાં પણ સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની ભક્તિ અને સત્સંગનો દીવો પ્રગટાવ્યો.

બાળ મિત્રો ! આ વાત વાંચીને આપણે પણ એક વાતનું સતત અનુસંધાન રાખવું જોઈએ કે આપણું ચારિત્ર્ય એવું હોય કે જેથી આપણા ઈષ્ટદેવ, આપણા સંતો પ્રત્યે અન્ય મુમુક્ષુ જીવોને પણ સદ્ભાવના થાય. અને તેઓ આવા પરમદયાળુ ઈષ્ટદેવનું ભજન કરી સુખી થાય તો આપણને સહેજે સહેજે આખું બ્રહ્માંડ તારવાનું પુણ્ય પ્રાપ્ત થઈ શકે.

●

## ગુરૂ બિન જ્ઞાન નહીં

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

જ્ઞાનની પ્રાપ્તિની જીજ્ઞાસાને અને ઉંમરને કોઈ સંબંધ નથી. આમ, આપણી સંસ્કૃતિએ તો પચીસ વર્ષ સુધીના સમયને જ્ઞાનપ્રાપ્તિ માટેનો શ્રેષ્ઠ સમય ગણાવ્યો છે. પણ ઘણીવાર જુદું પણ બની શકે.

એક નગરમાં પ્રભુદાસ નામે એક મુમુક્ષુ જીવ રહેતો હતો. યુવાન અવસ્થા અને લગભગ પાંત્રીસ વર્ષની ઉંમરે પહોંચેલા આ પ્રભુદાસના મનમાં જ્ઞાન મેળવવાની જીજ્ઞાસાએ જન્મ લીધો. તેનો સાથ આપવા વૈરાગ્યએ પણ તૈયારી કરી.

એક દિવસ આ પ્રભુદાસને વિચાર થયો કે આ શું ? બસ આમ જ જીંદગી પુરી કરી નાંખવાની ? સંસારના વ્યવહારના આ ચક્રનો તો કોઈ અંત જ નથી. શું આનું નામ જ જીવન ! શું માનવ જન્મની આ જ ફળશ્રુતિ ! આ માનવ જન્મ અતિ દુર્લભ પ્રાપ્તિ છે. તેનો ઉપયોગ કરીને પરમાત્માનો સાક્ષાત્કાર જે કરી લેવામાં આવે તો હું ધન્ય થઈ જાઉં. આવા વિચારો સાથે પ્રભુદાસે ગૃહત્યાગ કરીન વનની વાટ પકડી લીધી. આ એ સમય હતો જ્યારે જીવાત્માઓને સાચા ગુરૂની શોધ માટે વનમાં ફરવું પડતું. સાચા ગુરુની પ્રાપ્તિ કરવાના વિચારે આ પ્રભુદાસ વન-વગડાં, નદી-નાળાં પસાર કરી રહ્યો છે. ટાઢ, તડકો, ભૂખ-તરસ આ બધું તો પ્રભુદાસને જાણે કે રમત માત્ર જણાતું હતું. એનું કારણ હતું કે તેમનામાં ભગવાનને સમર્પિત થઈ જવાની, સાચા ગુરૂ પાસેથી જ્ઞાન મેળવવાની સ્વયં સ્ફૂરણા જાગૃત થઈ છે.

જેને ગુરૂ મેળવવા હોય, જ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય તે ઢીલા પોચા રહે કેમ ચાલે ? કારણ કે હરિના મારગે શૂરવીર જ ચાલી શકે છે. આ રીતે ચાલતાં, રખડતાં-આથડતાં થોડા દિવસો પછી એક નદી કિનારો દેખાયો. નદી કિનારે કોઈ સંત-મહર્ષિનો આશ્રમ જોતાંની સાથે આ પ્રભુદાસના અંતરપટમાં ખાત્રી થઈ કે આ સ્થાન મને પ્રભુ મેળવવામાં ચોક્કસ મદદરૂપ થશે.

પ્રભુદાસે જ્યાં આશ્રમમાં પ્રવેશ કર્યો પણ ત્યાં કોઈ દેખાયું નહીં તેથી વિસ્મય પામ્યો. પણ ત્યાં તો એકદમ નાક ફાડી નાંખે તેવી ભારે દુર્ગંધ આવવા લાગી. દુર્ગંધના માર્ગે આગળ ચાલતા જોયું કે એક વૃક્ષ નીચે એક મહાત્માજી બેઠા છે. તેમનું આખું શરીર સડી ગયેલું અને તેમાંથી પાક અને પરૂ નીકળતાં હતા. પાસે કોઈ ઉભું પણ રહી ન શકે તેટલી દુર્ગંધ. આ પ્રભુદાસે તો હિંમત એકઠી કરીને પાસે જઈને નમસ્કાર કર્યા અને પોતે શા માટે અહીં આવ્યો છે તે વાત કરી. જ્ઞાનોપદેશ કરવા માટે વિનંતી કરી.

પેલા મહાત્મા કહે છે કે આવી પરિસ્થિતિમાં હું કેવી રીતે જ્ઞાન આપી શકું ! તેમ છતાં તારી ઈચ્છા હોય તો પહેલાં મારી સેવા કરી મને સાજો કર તો પછી તને જ્ઞાન આપી શકું. સાચી ટેક અને લગની વાળા આ પ્રભુદાસે ગુરૂ પાસે રહી સેવા કરવાની ઈચ્છા પ્રગટ કરી. મહાત્માજીએ જાણે રાહ જ જોઈ રહ્યા હોય તેમ સેવા બતાવવાની શરૂઆત કરી દીધી.

મહાત્માજી કહે - આ મારા શરીરે જે ભારે રોગ થયો છે તેનું કારણ એ છે કે આ નદીનું પાણી મને અનુકુળ આવતું નથી. અહીંથી બે માઈલ દૂર બીજી નદી છે ત્યાંથી પાણી ભરી લાવવું પડશે. પ્રભુદાસે આમ તેમ નજર

દોડાવી પણ કોઈ પાત્ર દેખાયું નહી. તે ચાલ્યો, ગામમાં જઈ ભિક્ષા માંગી અને તે ભિક્ષામાં પ્રાપ્ત થયેલું અન્ન પ્રજાપતિને આપી તેના બદલામાં ઘડો ખરીદ્યો. જે નદી મહાત્માજીએ બતાવેલી ત્યાં જઈ ઘડામાં પાણી ભર્યું ને આશ્રમમાં આવી ઘડો ગુરુ ચરણે મૂક્યો. ત્યાં તો ગુરુ એકદમ ખિજાયા. લાલધુમ મોટી આંખો કરીને ભારે તિરસ્કાર કર્યો ને ઘડો લાત મારી ફોડી નાખ્યો. આ નવો ઘડો બરાબર સાફ કર્યા વિના ભરી લાવ્યો. એટલી પણ ખબર નથી પડતી તને ? પાછો જ્ઞાન મેળવવા નીકળી પડ્યો છે. ઘણું ઘણું સંભળાવી પછી બીજો ઘડો ભરી લાવવા કહ્યું.

પ્રભુદાસ પાછા ગામમાં ગયા. ભિક્ષા માંગીને ભિક્ષાના અન્ન સાટે બીજો નવો ઘડો ખરીદ્યો. આ વખતે બરાબર ધોઈ સાફ કરી પછી તે ઘડામાં પાણી ભરી લાવીને ગુરુ ચરણે મુકતાં જ ગુરુના ગુસ્સાનો કોઈ પાર ન રહ્યો. અપશબ્દો પર અપશબ્દોનો જાણે કે વરસાદ તુટી પડ્યો. તું તો મારો ગયા જન્મનો શત્રુ લાગે છે. આટલા દૂરથી આ પાણી લાવ્યો છે પણ ઉપર કશું કપડું પણ ઢાંક્યું નથી. આ પાણી ઉપયોગમાં લેવાથી તો ગમે તે થઈ શકે. એમ કહી આ ઘડો પણ ફોડી નાંખ્યો ને ફરીથી પાણી લેવા જવાની આજ્ઞા કરી.

પ્રભુદાસ ત્રીજીવાર પાછા ગામમાં ગયા. આ વખતે તો ભિક્ષા મેળવવામાં પણ મુશ્કેલી પડી. જેમ તેમ કરતાં ભિક્ષા માંગી ફરીથી પાણીનું પાત્ર ખરીદ્યું. ઢાંકણ પણ લીધું ને ફરી પાછો નદીએ પહોંચ્યો. હવે તેના મનમાં વિચારો બદલાયા. આવા ક્રોધી ગુરુ પાસે રહીને કેવી રીતે જ્ઞાન મેળવી શકાશે ! આના કરતાં તો હવે અહીંથી જ પાછો ચાલ્યો જાઉં. કોઈ બીજા ગુરૂ મળે તો તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરીશ. આ વિચારને વશ થઈ પ્રભુદાસ ઘડાને નદી પાસે જ મુકીને ચાલતા થયા છે ત્યાં તો આશ્ચર્યમ્ ! ઘડામાંથી અવાજ આવે છે.

**કોદારેણ વિદારીતા વસુમતી પશ્ચાદ્ ખરા રોહણમ્;**
**યસ્થ્યાપીષ્ટ કુલાલપાદહનનં દંડેચ ચક્રંભ્રમમ્.**
**રજવા છેદ ઉત્તાડનચ દહનં એતધ્ધિસોઢં મયા;**
**ગ્રામ્ય સ્ત્રી કરટંકણં બહુકૃતં તન્નોડપિ દુઃખં મહત્.**

આ અવાજ સાંભળી પહેલાં તો પ્રભુદાસ આમ તેમ નજર લગાવે છે. કોઈ દેખાતું નથી ને આ અવાજ ક્યાંથી ! ત્યાં તો ખાત્રી થઈ કે આ ઘડો જ બોલે છે. કેટલો સુંદર ઉપદેશ આ ઘડાએ આપ્યો ! આ એક જ શ્લોકમાં ઘડાએ પોતાની આપવિતીનું વર્ણન કર્યું છે.

પહેલાં માટીના રૂપમાં હું પડ્યો હતો. ત્યાં કોઈ પ્રજાપતિએ આવી મને કોદાળીના ઘા માર્યા. અને મને પૃથ્વીથી છુટો કર્યો. પછી ગધેડા પર મને બેસાર્યો. અરરર.... કેવા પાપનું આ ફળ હશે કે જેના લીધે મને આ ખરારોહણ કરવું પડે ! પછી તો ધોકા માર્યા, લાતો મારી અને મારી કાયાને ખૂંદી નાંખી. પછી તો મને ફરતા ચક્ર પર ચઢાવી જે ઘુમાવ્યો જે ઘુમાવ્યો.... મને તો ચક્કર આવી ગયા. પછી ટપલાં માર્યા, તડકે બરાબર તપાવ્યો. વળી એટલાંથી સંતોષ ન થયો તો અગ્નિના નિભાડામાં નાંખી મને બાળ્યો. આટઆટલા દુઃખો સહન કરી હું તૈયાર થયો છતાં સંતોષ ન થયો હોય તેમ જે કોઈ બહેનો ખરીદવા આવે તે ટકોરા મારી મને પાસ કે નાપાસ કરે. આજે મને આનંદ હતો કે ભલે મેં આટઆટલું સહન કર્યું પણ હવે હું એક ઋષિ મહાત્માના કામે લાગીશ. પણ તું મને એટલી તો દયા કર કે મને ગુરૂના આશ્રમ સુધી મુકીને પછી ભલે તું ચાલ્યો જજે.

તને મારા જેટલું તો દુઃખ નથી વેઠવું પડ્યું. તો પછી શા માટે આવા સિધ્ધ મહાત્માનો ત્યાગ કરે છે ? કસોટી સિવાય તો કોઈની પણ કિંમત નથી થતી. ઘડા પાસેથી આ ઉપદેશ સાંભળ્યો ને પ્રભુદાસે પાછી હિંમત કરી ઘડો સાફ કરી ભર્યો, ઢાંકણ ધોઈ ઉપર મૂક્યું ને ઘડો ઉપાડી આશ્રમમાં આવ્યો. જ્યાં પ્રવેશ કર્યો ત્યાં આશ્ચર્ય !! જે મહાત્મા રોગથી ઉભા પણ નહોતા થઈ શકતા તે એકદમ સામા આવ્યા. તેમના શરીરે રોગનું કાંઈ નામોનિશાન પણ નહોતું. તેઓ પ્રભુદાસને બહુ રાજીપા સાથે આશ્રમમાં લાવ્યા. મહાત્માજી કહેવા લાગ્યા વત્સ ! તારી પરીક્ષા કરવા મેં આ યોગ પ્રભાવ સર્જ્યો હતો.

તારામાં મેં પાત્રતા જોઈ પણ તારી ધીરજ ખુટી પડી તેથી ઘડા દ્વારા મેં જ તને હિંમત આપી છે. હવે તે ઉપદેશને ટકાવવા જેટલી પાત્રતા મેળવી છે. હવે હું તને જ્ઞાન આપવા તૈયાર છું.

પ્રભુદાસ તો રાજી રાજી થઈ ગયો ને ગુરૂ ચરણે નમન કરી ગુરૂ શરણે થયો. મિત્રો ! હવે તો કેટલી બધી સરળતા છે. આપણે તો આટલી બધી પરીક્ષામાંથી પસાર પણ નથી થવું પડ્યું. આપણને તો આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને ધર્મવંશી ગુરુ ગોતી આપ્યા છે. ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલા ગુરૂ અને સત્સંગનો લાભ લઈ જીવનને ધન્ય બનાવીએ.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**(એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "જ્ઞાન ભક્તિની 'આધારશીલા' છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે ઘણી વખત સાંભળીએ છીએ અને વાંચ્યું પણ છે કે **'જ્ઞાન'** કરતાં **'ભક્તિ'** વધારે શ્રેષ્ઠ છે. આપણા મહારાજે ભક્તિની વ્યાખ્યા કરી છે, અને શ્રીકૃષ્ણ ભગવાને પણ અર્જુનને ગીતાનું જ્ઞાન આપ્યું તેમાં ભક્તિની વાતો કરી છે. અને સાથે સાથે જ્ઞાનની વાતો પણ કરી છે. તો ભક્તિમાં જ્ઞાનનું શું મહત્વ છે. તો જ્ઞાન ભક્તિની આધારશીલા છે. **જ્ઞાનના આધાર શીલારૂપી જળથી ભક્તિરૂપી ઝાડનું સિંચન થાય છે.** ખાતર, તડકો બધું જોઈએ. પરંતુ પાણી ન આપો તો કાંઈ પ્રાપ્તિ થતી નથી. આપણે પાણી આપીએ એ પ્રમાણે ઝાડ થાય છે ફળ મળે છે. તેવી રીતે **ભગવાનની પ્રાપ્તિ માટે પણ જ્ઞાનરૂપી પાણીથી ભક્તિરૂપી ઝાડ ઉંચું થાય છે.** જો કોઈપણ વસ્તુ કે વ્યક્તિનું જેટલું મહત્વ સમજાય છે તેટલી જ લાગણી અને પ્રેમ થાય છે. જેવી રીતે જાણીએ એવી ભાવના થાય છે. જેટલું વધારે જ્ઞાન હશે એટલું મહત્વ વધારે સમજાશે. ધારો કે આપણે રોડ ઉપર ચાલતા દુકાનમાં વીંટી જોઈ અને લઈ લીધી તો આપણને મનમાં એમ થાય કે ખોટી હશે ? અત્યારે તો ઈમીટેશનના દાગીના કે સાચા કાંઈ ખબર પડતી નથી. તો આપણને એમ થાય કે ખોટું હશે. સાચું ઓછું મળે ? ખોટી છે એવું લાગ્યું એટલે મહત્તા સમજાઈ નહિ. પોતાની પાસે મુકી દીધી. થોડા દિવસ પછી કોઈ દુકાનદારને બતાવી તો કીધું કે ૫૦૦૦ રૂપિયાની વીંટી છે. જ્યારે વીંટીને ખોટી માની લીધી હતી ત્યારે એ રીતે એની કિંમત હતી. એ પ્રમાણે મોહ હતો. જ્યારે કિંમત વધી ગઈ ત્યારે તેનો મોહ અને તેની મહત્તા વધી ગઈ. તેવી રીતે ભગવાનની સર્વોપરી મહાનતાનું જ્ઞાન વધતું જાય છે તેમ તેમ ભગવાન પ્રત્યે તમારો પ્રેમ પણ વધતો જાય છે. અને **'પ્રેમ'** વધે ત્યારે **'વિશ્વાસ'** દઢ થાય છે. જગતમાં પણ જેની સાથે **'પ્રેમ'** હોય ત્યાં **'વિશ્વાસ'** હોય છે કે સામેની વ્યક્તિ મને ક્યારેય છેતરશે નહિ. જેટલું સાચું જ્ઞાન વધશે એટલો **'પ્રેમ'** અને **'વિશ્વાસ'** દઢ થશે. પરંતુ પરિસ્થિતિ પ્રમાણે ઘણી વખત વિશ્વાસ ડગી જાય છે. અજ્ઞાનતાને કારણે એવું થાય છે. જગત પ્રત્યે વિષય વાસના, લોભ, આસક્તિ આ બધું વધારે હોય ત્યારે ઘણાને વિશ્વાસ ડગી જાય છે. જેના કારણે મંદિરે પણ નથી આવતા. પહેલા દરરોજ મંગળા કરવા આવતા હોય પણ એવું બને કે તેમના નજીકના સગા કોઈ કથામાં બેઠા હતા અને ધામમાં જતા રહ્યા. તો એવું થઈ જાય છે કે એકદમ સાજા સારા હતા. ભગવાનની સેવામાં હતા તો પણ જતા રહ્યા. એવું થઈ જાય છે. પણ આપણે રોજ ભગવાન પાસે માગતા હોઈએ છીએ પ્રાર્થના કરતા હોઈએ છીએ કે અંત સમયે ભગવાનનું સ્મરણ રહે. પરંતુ હકીકતમાં એવું થાય છે ત્યારે વિશ્વાસ ડગી જાય છે. પોતાના માણસ જતા રહ્યા તેમના માટે પ્રેમ હતો. હેત હતુ માટે વિશ્વાસ ડગી જાય છે. પરંતુ જો સાચું જ્ઞાન હોય તો ગમે તેવી પરિસ્થિતિમાં શ્રધ્ધા કે વિશ્વાસ ડગશે નહિ. અને ભક્તિ પણ ઉચ્ચ કોટિની થશે. ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન કક્ષાનું એમ ત્રણ પ્રકારનું જ્ઞાન છે. જેમને ઉચ્ચ કોટિનું જ્ઞાન છે એવા સર્વોપરી ભક્તનું કુસંગ કાંઈ પણ બગાડી શકતો નથી. સાચા જ્ઞાનના અભાવવાળી શ્રધ્ધા બીજા પ્રકારની છે. જે ગમે ત્યારે ડગી જાય છે. જેને સાચું જ્ઞાન હોતું નથી તેવા ઘણા લોકો ઘણીવાર શ્રી નરનારાયણદેવનું પણ ખંડન કરે છે. સાચું જ્ઞાન નહિ હોય ત્યારે કોઈના સાંભળવાથી બે મિનિટ માટે પણ શ્રધ્ધા ડગી જશે. સિધ્ધાંતો શાસ્ત્રો બધું થોડીવાર માટે ભૂલાઈ જાય છે. અને નિમ્ન પ્રકારનું જ્ઞાન છે તે પ્રારંભિક અવસ્થામાં હોય છે. તેવા વ્યક્તિ થોડા દિવસ મંદિર આવે પછી બંધ થઈ જાય છે. **શાસ્ત્રમાંથી જે જ્ઞાન મેળવેલું છે વાંચેલું છે તે શબ્દજ્ઞાન છે.** તેમાંથી ઘણી વખત બહુ બધા માનસિક રોગ પણ થાય છે. માનસિક રોગ એટલે **જ્ઞાનાભિમાનનો રોગ** દા.ત. સત્સંગિજીવન, વચનામૃત, શિક્ષાપત્રી, ભક્તચિંતામણી બધું મેં બહુ બધી વખત વાંચી લીધું. એટલે બધું આવડી ગયું. બધું જ્ઞાન આવી ગયું. કામ, ક્રોધ, લોભ બધું ખોટું છે. બધું સમજાઈ ગયું. પણ એથી કરીને અંદરના કસાઈઓ જતા નથી, અને ઉપરથી અભિમાન આવે છે. તો **અભિમાન એ ભગવાન સુધી પહોંચવા**

**માટેની સૌથી મોટી બાધા છે. તો એવું જ્ઞાન એ 'બાહ્ય' જ્ઞાન છે. તો 'આંતરિક' જ્ઞાન કોને કહેવાય ?** તો જેમ શાસ્ત્રમાં દોરેલો દીવો હોય તેના માધ્યમથી બીજો દીવો **'પ્રજવલિત'** થતો નથી. તેના માટે **'પ્રગટ અગ્નિ'** જોઈએ. તેવી રીતે શાસ્ત્રમાં વાંચેલા શબ્દજ્ઞાનથી આપણને જ્ઞાન પ્રગટ થતું નથી. તેને જાણકારી કહેવાય. પણ આપણા અંદરનું આંતરિક જ્ઞાન પ્રગટ કરવા માટે **પ્રત્યક્ષ 'જ્ઞાની'** પાસે શાસ્ત્રોને સમજવા પડે અને જે સમજ્યા પછી તેનો જીવનમાં અમલ કરવો પડે એના ઉપર અમલ કરીએ જ્યારે ક્રિયામાં લઈએ ત્યારે સાચું જ્ઞાન કહેવાય. **જે આપણા અંતરમાં પરિણામ પામે, આપણામાં પરિવર્તન આવે તેને સાચું જ્ઞાન કહેવાય છે. તેના માધ્યમથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. તો આવું આંતરિક જ્ઞાન આપણને ભગવાન તરફ લઈ જાય છે.**

જેમ કોઈ નવી વાનગીની રીત સાંભળી લીધી વાંચી લીધી ગોખાઈ ગઈ, પણ પછી રસોડામાં જવું પડે, બધી સામગ્રી જોઈએ. પ્રેકટીકલ બનાવવી પડે પછી તૈયાર થાય છે. માત્ર વાંચી લેવાથી કે સાંભળી લેવાથી બની જતી નથી. તેને ક્રિયન્વિતરુપ આપવું પડે છે. તેમ કથામાં સાંભળેલું. કામ, ક્રોધ, લોભ, મોહ બધું ખરાબ કહેવાય એટલે જ્ઞાન આવી ગયું ? ના તેને માત્ર જાણકારી કહેવાય છે. તેને અમલમાં મૂકીએ ક્રિયન્વિતરુપ આપીએ ત્યારે તેને આંતરિક **જ્ઞાન કહેવાય છે. અને તે આંતરિક જ્ઞાન દૃઢ શ્રધ્ધા અને વિશ્વાસથી યુક્ત હોય છે.** એટલે જ આપણે ભક્તિ કરીએ પછી પણ ભગવાનની પ્રાપ્તિ માટે આંતરિક જ્ઞાનની જરૂર હોય છે.

●

**જ્ઞાનનો ભંડાર વચનામૃત**

- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ ધરા પર દેહ ધારણ કરી મુમુક્ષુ જીવાત્માઓના ઉધ્ધાર માટે ''સર્વ જીવ હિતાવહ'' મોક્ષ માર્ગને અખંડ રાખવા ધર્મવંશી આચાર્યો સ્થાપ્યા, મહાભાગવતી દીક્ષા પ્રવર્તાવી નવ મહામંદિરોનું નિર્માણ કરાવ્યું. સત્શાસ્ત્રોની રચના કરી અને પરમહંસો પાસે પણ કરાવી.

આશરે પાંચ હજાર વર્ષ પહેલા મહાભારતના યુદ્ધના રણમેદાનમાં શ્રીમદ્ ભાગવત ગીતારૂપી વાણી શ્રીકૃષ્ણ ભગવાનના મુખેથી સાંભળવા મળી. જ્યારે આજથી આશરે ૨૦૦ વર્ષ પૂર્વે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વમુખે ''જ્ઞાનનો ભંડાર વચનામૃત'' રૂપી વાણી અવતરી.

વચનામૃતની કુલ સંખ્યા ૨૭૩ છે. સંવત ૧૮૭૬ ના માગશર સુદ ચોથ એ વચનામૃત જયંતીનો દિવસ છે. વચનામૃત કુલ આ પ્રમાણે છે. ગ.પ્ર.પ્ર. ૭૮, સારંગપુર ૧૮, કારિયાણી ૧૨, લોયા ૧૮, પંચાળા ૭, ગ.મ. ૬૭, વડતાલ ૨૦, અમદાવાદ ૮, અસલાલી ૧, જેતલપુર ૫, ગ.અં.પ્ર. ૩૯ = ૨૭૩.

વચનામૃત એ પ્રશ્નોતર, સંવાદ, જિજ્ઞાસા, ભક્તિ અને ધર્મનું સંપૂર્ણ રસાયન છે. મુમુક્ષુઓ માટે માર્ગદર્શનરૂપ કડી છે. હરિભક્તો માટે જાણે કે જ્ઞાનનો ભંડાર ! સંસારીઓ માટે જીવનરૂપી ટોનિક !

જેવી રીતે સત્સંગિજીવન ધર્મશાસ્ત્ર કહેવાય છે, સત્સંગિભૂષણ ભક્તિ શાસ્ત્ર કહેવાય છે. તેમ મહારાજની પરાવાણી એટલે વચનામૃત એ 'યોગ શાસ્ત્ર' કહેવાય છે. યોગ એટલે

**''યોગઃ ચિત્તવૃત્તિ નિરોધઃ''**

મનુષ્યના મનને ભગવાનમાં જોડી આપે એવા શાસ્ત્રને યોગ શાસ્ત્ર કહેવાય.

પોતાના ''વચનરૂપી અમૃત ઉપદેશો'' પાંચ પરમહંસ સંતો સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. મુક્તાનંદ સ્વામી, સ.ગુ. નિત્યાનંદ સ્વામી અને શુકમુનિ પાસે સંગ્રહ કરાવ્યો.

માટે જિજ્ઞાસુએ વચનામૃતનું વિષયવાર અવલોકન કરી મહારાજ કઈ બાબત પર વિશેષ આગ્રહ રાખે છે. મહારાજનો રાજીપો શેમાં છે ? કુરાજીપો શેમાં છે ? તે વચનામૃત વાંચનથી સ્પષ્ટ સમજાય છે.

મહારાજે સ્વમુખે પોતાનું પુરુષોત્તમપણું અનેક પ્રસંગે કહેલું છે. તે જોતા આ વચનામૃત રૂપી વાણી શ્રી પૂર્ણ પુરુષોત્તમની જ છે. એમ સિધ્ધ થાય છે.

મહારાજને પ્રાર્થના કરવાની કે હે મહારાજ ! કૃપા કરીને આ ઘોર કળિકાળમાં આવું દિવ્ય જ્ઞાન આપનારા, અક્ષરધામના અધિપતિ ધર્મ, ભક્તિનંદન મારા હૃદયમાં અખંડ નિવાસ કરો.

**યોડક્ષરે પરતરે વિરાજતે સ્વીયધામ્નિ નિજ**
**મુક્ત સેવિતઃ ।**
**એષ ભક્તિવૃષનંદન સમે શ્રીહરિર્વસતુ**
**માનસે સદા ॥**

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ શ્રીહરિએ શિક્ષાપત્રી લખવાનું કારણ ક્યા શ્લોકમાં કહ્યું છે તે શું છે ?

પ્ર. ૨ અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા - બ્રહ્મચોરાશી કરીને શ્રીજી મહારાજ ત્યાંથી નીકળીને જેતલપુર થઈ ધોળકા જવા નીકળ્યા તે રસ્તામાં ક્યાં રાત રોકાયા ?

પ્ર. ૩ બુવા ગામથી સંઘ લોયામાં શ્રીજી મહારાજના દર્શન કરવા આવ્યો ત્યારે કાનદાસ આદિ ભક્તોએ મહારાજને દંડવત કર્યા તે સમયે મહારાજ રીંગણનું શાક વઘારતા હતા. બધા વસ્ત્રો હળદરવાળા, મસાલાવાળા થઈ ગયા હતા, સંઘ સાથે આવેલા કાનદાસભાઈ બોલ્યા ''આ ભગવાન કહેવાતા હશે ?'' ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને શું કહ્યું .....

પ્ર. ૪ શ્રીજી મહારાજ અને મોટાભાઈ રામપ્રતાપજી મહારાજ તથા ધર્મકુળનું મિલન લોયામાં કેટલા વર્ષ પછી થયું ?

પ્ર. ૫ ક્યા વચનામૃતમાં શ્રી સહજાનંદ સ્વામીએ પરમહંસના સમ છે એમ કહ્યું છે....

પ્ર. ૬ કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવો-પાંડવો વચ્ચે યુધ્ધ પ્રારંભ પહેલા શંખનાદ થયો જેમાં પાંડવ પક્ષે શ્રીકૃષ્ણ ભગવાને ''પાંચજન્ય''નામનો શંખ વગાડ્યો, ત્યારબાદ પાંચે પાંડવોએ ક્યા ક્યા નામના શંખ વગાડ્યા તે જણાવશો ?

પ્ર. ૭ ''આ દિતવારે ઉદે થયા સૂરજ સહજાનંદ મારગ બતાવ્યો મોક્ષનો'' - આ કીર્તનના રચયિતાનું નામ જણાવશો.

## જાન્યુઆરી-૨૦૨૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) પોતાના પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એજ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે. (૨) ભક્તિવાળો. (૩) વસ્ત્ર - આભૂષણ. (૪) ૧. ભગવાનના લોકમાં રહેવું. ૨. ભગવાનને સમીપે રહેવું. ૩. ભગવાનના સરખું રૂપ પામવું. ૪. ભગવાનના સરખું ઐશ્વર્ય પામવું. (૫) નરકના. (૬) ''હે મહારાજ ! ગઢડાના ગોપીનાથજી તરીકે દર્શન આપો.'' (૭) સંવત ૧૮૮૫ મહાસુદી-૪ ના સાંજે સ.ગુ. પ્રેમાનંદ સ્વામીનું પદ ''જમુના કે તીર છાડો બંસી બજૈયા.''

૧ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૩ પટેલ ગંગાબેન ભરતભાઈ (ઝુલાસણ)
૪ પટેલ વિનોદ પી. (વહેલાલ)
૫ ઝાલા રણજીતસિંહ જવાનસિંહ (સીતાપુર)
૬ પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી)
૭ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૮ સીતાપરા ગોરધનભાઈ વાલજીભાઈ (બાપુનગર)
૯ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૧૦ પટેલ લીલાબેન જોઈતાભાઈ (ઝુલાસણ)
૧૧ ઝોલાપરા શોભના કે. (સુરેન્દ્રનગર)
૧૨ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૩ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૧૪ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૫ ડૉ. અરૂણ ડી. પટેલ (રાણીપ)
૧૬ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૭ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૧૮ ઠક્કર હસુબેન કનૈયાલાલ (ઈસનપુર)
૧૯ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૨૦ ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૨૧ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૨૨ પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૨૩ પટેલ નટવરભાઈ પરસોતમદાસ (નિર્ણયનગર)
૨૪ સાં.યો. ભારતીબા સાં.યો. મંજુબા (હવેલી કાલુપુર)
૨૫ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૨૬ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૨૭ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૨૮ સાં.યો. હિરાબા, ભગવતીબા, કંચનબા (ધ્રાંગધ્રા)
૨૯ પટેલ સંગીતાબેન મનોજભાઈ (અંબાપુર)
૩૦ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૩૧ પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર)
૩૨ પટેલ શારદાબેન હિરાભાઈ (સાબરમતી)
૩૩ પટેલ ઉષાબેન, શારદાબેન (વાવોલ)
૩૪ ભોરણીયા નથુભાઈ (ધુંટું)
૩૫ પટેલ માધવલાલ સોમદાસ (મારૂસણા)
૩૬ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૩૭ પટેલ રેખાબેન ગણપતભાઈ (મેમનગર)
૩૮ ભોરણીયા રમેશ નથુભાઈ (ધુંટું)
૩૯ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ભવ્ય શાકોત્સવ ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૧૨-૦૧-૨૦૨૦ ના રોજ સવારે ૬-૪૦ કલાકે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં દિવ્યાતિ દિવ્ય અને ભવ્ય શાકોત્સવ સંપન્ન થયો. પવિત્ર ધનુર્માસ શ્રીહરિનામ સ્મરણ ધૂન પૂર્ણ થયા બાદ શણગાર આરતીના દર્શન કરીને ૨૫૦૦ ઉપરાંત હરિભક્તોએ રીંગણાનું અલૌકિક શાક બાજરાના રોટલા, છાસ, ગોળ, માખણ, મરચાનો અલૌકિક પ્રસાદ લઈ ખૂબજ ધન્ય ધન્ય બન્યા હતા. સમગ્ર પ્રસંગમાં કોઠારી જે.કે. સ્વામી, જે.પી. સ્વામી, નટુ સ્વામી, યોગી સ્વામી, ભક્તિ સ્વામી કોઠાર સ્ટાફ અને હરિભક્તો અને મહિલા મંડળે પ્રેરણારૂપ સેવા કરી હતી.

(કોઠારી શાસ્ત્રી નારાયણમુનિદાસજી)

### હિરાવાડીને આંગણે ૬ ઠ્ઠો શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં હિરાવાડી કમલ ફલેટના મેદાનમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ હિરાવાડી દ્વારા તા. ૧૧-૦૧-૨૦૨૦ ને શનિવારના ૯-૦૦ કલાકે ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર), સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર), શા. સ્વા. લક્ષ્મણજીવનદાસજી મહંતશ્રી એપ્રોચ, શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) આદિ સંતોએ શ્રીહરિએ પ્રવર્તાવેલ આવા શાકોત્સવ, સમૈયાનો મહિમા સમજાવ્યો હતો. અનેક હરિભક્તોએ નાની મોટી સેવા કરી હતી. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શાકનો વઘાર કરીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)એ કર્યું હતું.

(કોઠારીશ્રી હિરાવાડી)

### કુબડથલ ગામે ભવ્ય શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર ધામના મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી કુબડથલ ગામે તા. ૨૧-૧૨-૧૯ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે ધામોધામના સંતો પૈકી જેતલપુર, કાલુપુર વગેરે ધામથી સંતોએ પધારી હરિભક્તોને કથા વાર્તા કરીને ભગવાન શ્રીહરિનું ખૂબજ મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું. શાકોત્સવના યજમાન પ.ભ. મુકેશભાઈ રાવજીભાઈ અને પ.ભ. ધર્મેન્દ્રભાઈ સવજીભાઈ આદિ પરિવારે નિજ મંદિર, ઠાકોરજીનું સિંહાસન વગેરે સુશોભિત કરીને ભવ્ય આયોજન કર્યું હતું. ગામના તમામ હરિભક્તોએ શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

(શા. કે.પી. સ્વામી મહંતશ્રી જેતલપુરધામ)

### માંડલ ગામે અલૌકિક શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ જેતલપુરધામના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી માંડલ ગામે તા. ૨૮-૧૨-૧૯ ના રોજ અલૌકિક શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે જેતલપુર, મહેસાણા, અંજલી આદિ ધામોથી સંતો પધાર્યા હતા તેમજ ધામોધામથી સાંખ્યયોગી બહેનોએ પધારીને બહેનોને કથા વાર્તાનો સુંદર લાભ આપેલ. મહિલા મંડળે રોટલાની સુંદર સેવા કરી હતી. હરિભક્તોએ પણ સુંદર આયોજન કરી સૌને રાજી કર્યા હતા.

(શા. કે.પી. સ્વામી મહંતશ્રી, જેતલપુર)

### ટ્રેન્ટ ગામે અલૌકિક શાકોત્સવ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ જેતલપુરધામના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રેન્ટ (તા. માંડલ) ખાતે તા. ૨૯-૧૨-૧૯ ના રોજ ગામના સર્વે હરિભક્તો અને જેતલપુરધામના સંતોએ સાથે મળી સુંદર શાકોત્સવ ઉજવ્યો હતો.

જેના યજમાન પ.ભ. પ્રભુભાઈ ત્રિભોવનભાઈ અને અ.સૌ. ભગવતીબેન પ્રભુભાઈ પટેલ પરિવારે લાભ લીધો હતો.

આ પ્રસંગે સત્સંગ સભામાં જેતલપુર, અમદાવાદ, અંજલી, માણસા, કાનપુર, મહેસાણા અને ગઢપુરના સંતોએ પધારી કથાવાર્તારૂપી સુંદર લાભ આપ્યો હતો.

(શા. કે.પી. સ્વામી મહંતશ્રી જેતલપુરધામ)

### મનીપુર ગામે અદ્‌ભુત શાકોત્સવ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ જેતલપુરધામના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રીહરિ પ્રસાદીભુત મનીપુર ગામમાં તા. ૨૯-૧૨-૧૯ ના રોજ સંત-હરિભક્તોએ સાથે મળી ભવ્ય શાકોત્સવનું આયોજન થયું.

સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન એક કલાક સુધી કરવામાં આવી હતી. ત્યારબાદ જેતલપુર મંદિરના સંતો દ્વારા કથા વાર્તા ભજન કીર્તન થયા હતા. સ.ગુ. બ્ર. સ્વામી પૂર્ણાનંદજીએ શાકનો વઘાર કરી સૌને અલૌકિક દર્શન કરાવ્યા હતા. મહિલા મંડળે રોટલા બનાવવાની સેવા કરી હતી. શાકોત્સવના યજમાન પ.ભ. મહેન્દ્રભાઈ નર્મદાશંકર જોશી પરિવાર રહ્યાં હતા. હજારો હરિભક્તોએ સત્સંગ સભાનો લાભ લઈ અને શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરી ખૂબજ ધન્ય બન્યા હતા. (શા. કે.પી. સ્વામી મહંતશ્રી, જેતલપુરધામ)

### ડેડીયાસણ ગામે અલૌકિક શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરધામના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની સુંદર પ્રેરણાથી વિરમગામ તાલુકાના ડેડીયાસણ ગામે તા. ૪-૧-૨૦ ના રોજ અલૌકિક શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામના સંતો અને બ્ર. સ્વા. શા. પૂર્ણાનંદજીએ શાકનો વઘાર કર્યો હતો. સભામાં બ્ર. સ.ગુ. શા.સ્વા. હરિસ્વરૂપાનંદજી (ટ્રસ્ટીશ્રી) સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (મકનસર) આદિ સંતોએ કથા વાર્તા કરી હતી. સાંખ્યયોગી બાઈઓ પણ પધાર્યા હતા. બહેનો દ્વારા બાજરાના રોટલાની સુંદર વ્યવસ્થા કરી હતી. સૌએ શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા.

(શા. કે.પી. સ્વામી મહંતશ્રી, જેતલપુરધામ)

### બાયડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી બાયડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૫-૧-૨૦૨૦ ના રોજ અલૌકિક શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે જેતલપુર મંદિરથી પધારેલા સંત મંડળે કથાવાર્તા ધૂન કીર્તન કરી શાકોત્સવનો વઘાર કરી શ્રીહરિને ધરાવી આરતી કરીને તે અલૌકિક પ્રસાદ હજારો હરિભક્તોએ ગ્રહણ કરી ખૂબજ ધન્ય ભાગી બન્યા હતાં. રોટલા બનાવવાની અદ્‌ભુત સેવા મહિલા મંડળે બજાવી હતી. ગામના તમામ ભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી.

(શા. કે.પી. સ્વામી મહંતશ્રી, જેતલપુરધામ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો) ધનુર્માસ ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (વાંટો)ના સર્વે હરિભક્તોએ સાથે મળી પવિત્ર ધનુર્માસમાં તા. ૧૬-૧૨-૧૯ થી તા. ૧૪-૧-૨૦૨૦ પર્યન્ત આખો માસ ૨૦૦ જેટલા ભાઈઓ-બહેનો અને બાળકોએ વહેલી સવારે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી. છેલ્લા દિવસે શાકોત્સવ કરીને ધૂનની પૂર્ણાહુતિ કરી હતી. (કોઠારીશ્રી, ડાંગરવા વાંટો)

### શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ખાતે તા. ૨૮-૧૧-૧૯ થી તા. ૩૦-૧૧-૧૯ વચનામૃત દ્વિશતાબ્દી નિમિત્તે વચનામૃત કથા અ.નિ. સંતોકબેન પરસોતમદાસ પટેલ, અ.નિ. આયુષીબેન દિપકકુમાર પટેલ તરફથી શા. પ્રેમપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. જેમાં જનમંગલ પાઠ અને ૧૦૮ તુલસીપત્રનું પૂજન થયું હતું.

તા. ૨-૧૨-૧૯ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં હિંમતનગર મંદિરમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ ઉપરોક્ત પારાયણના યજમાન તરફથી ધામધૂમથી ઉજવાયો. ધામોધામના સંતોએ કથાવાર્તાનો લાભ આપેલ. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી નૂતન મંદિરનું નિરીક્ષણ કરી ખૂબજ રાજી થયા હતા. સમગ્ર આયોજન અત્રેના મહંત સ્વામી અને હરિભક્તોએ કર્યું હતું. તા. ૨૯-૧૨-૧૯ ના રોજ અ.નિ. સંતોકબેન પટેલ અને અ.નિ. આયુષીબેન પટેલ પરિવાર તરફથી ભવ્ય શાકોત્સવ ઉજવાયો. સંતોએ શ્રીહરિના મહિમાની વાતો કરી હતી. સૌ ભક્તો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી, હિંમતનગર મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા (આર.સી.ટેકનિકલ રોડ) દિવ્ય શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા ગાંધીનગર સે-૨ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર આર.સી.ટેકનિકલ રોડ અમદાવાદ ખાતે તા. ૧૨-૧-૨૦૨૦ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. જેમાં સ્થાનિક હરિભક્તોએ યજમાન બનીને તેમજ અત્રેના નાના મોટા સૌ હરિભક્તોએ તન, મન અને ધનથી સુંદર સેવા કરી હતી.

સંતો દ્વારા કથા વાર્તા થઈ હતી. આખો ધનુર્માસ સૌ હરિભક્તોએ વહેલી સવારે મહામંત્ર ધૂન કરી હતી. આપણા આ મંદિરમાં દર રવિવારે સાંજે ૪-૩૦ થી ૬-૩૦ સુધી સત્સંગ સભા થાય છે. જેમાં આજુબાજુના વસતા હરિભક્તો અને ધર્મપ્રેમીઓને લાભ લેવા ખાસ અનુરોધ છે. સત્સંગ સભા બાદ ભોજન પ્રસાદ જમાડવામાં આવે છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિઓ પણ અવાર-નવાર થાય છે.

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના લાઈફ મેમ્બર બનાવવાની પ્રવૃત્તિ પણ ચાલું છે. જેને સભ્ય બનવું હોય તેમણે કોઠારશ્રીનો સંપર્ક કરવો. (કોઠારી રમેશભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી (મથુરા)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા નાલંદા ૨ નો ૪ થો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે કોઠારી શા.સ્વા. સર્વેશ્વરદાસજી (મથુરા), શા. સ્વા. સુખનંદનદાસજી, શા. ડી.કે. સ્વામી અને હરિપ્રકાશ સ્વામી આદિ સંતો દ્વારા કથાવાર્તા ભજન કીર્તન અને ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી. પ.ભ. વસંતભાઈ પટેલ પરિવારે યજમાન બની સુંદર લાભ લીધો હતો.

ઘનશ્યામ મહિલા મંડળે અન્નકૂટ બનાવવાની સેવા કરી હતી. સૌ ભક્તો દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(કે.બી.પ્રજાપતી)

**ઈન્દ્રપુરા ગામે શ્રીમદ્ ભાગવત પંચદિનાત્મક પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ની પ્રેરણાથી ઈન્દ્રપુરા શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ તથા સમસ્ત ગ્રામજનોના સુંદર આયોજનથી તા. ૩-૧-૨૦ થી તા. ૭-૧-૨૦ પર્યન્ત ઈન્દ્રપુરા ગામે શ્રીમદ્ ભાગવત પંચદિનાત્મક પારાયણ સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ. હજારો ગ્રામજનોએ કથા શ્રવણ કરી ખૂબજ ધન્ય બન્યા હતા. ગામના નાના મોટા હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી શ્રીહરિને રાજી કર્યા હતા. તા. ૫-૧-૨૦ ના રોજ સમસ્ત બહેનોના ગુરુ અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને સર્વે બહેનોએ દર્શન આશીર્વાદ આપી રાજી થયા હતા. તા. ૭-૧-૨૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સૌ પ્રથમ આપણા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. સભામાં કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સૌને ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી સંતોમાં કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા. સ્વા. વ્રજભૂષણદાસજીએ કર્યું હતું.

(કોઠારીશ્રી, ઈન્દ્રપુરા)

**પ્રતાપપુરા (કલોલ) ગામે ભવ્ય શાકોત્સવ**

સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર સે-૨)ની પ્રેરણા માર્ગદર્શનથી પ્રતાપપુરા ગામે ભવ્ય શાકોત્સવનું આયોજન સંપન્ન થયું. જેના યજમાન પ.ભ. વિનોદભાઈ ચૌધરી (ગાંધીનગર) પરિવાર રહ્યાં હતા. આ પ્રસંગે ગાંધીનગર મંદિર મહંત શા. પી.પી. સ્વામી અને નારાયણઘાટ મંદિરના મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ શાકોત્સવનો વઘાર કરી સભામાં કથાવાર્તા કરી હતી. મહિલા મંડળે અને યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. (સોમાભાઈ ચૌધરી)

**રામનગર (સાબરમતી) અલૌકિક શાકોત્સવ**

પરમકૃપાળુ સર્વોપરી શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ગાંધીનગર મંદિર સે-૨ ના મહંત શા. સ્વા. પી.પી. સ્વામીની પ્રેરણાથી રામનગર સાબરમતી મંદિરમાં આખો ધનુર્માસ પ્રાતઃ મહામંત્ર ધૂન કરી હતી. સમસ્ત સત્સંગ સમાજ દ્વારા કોટેશ્વર ગુરુકુળ ખાતે તા. ૫-૧-૨૦ ના રોજ અલૌકિક શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે શા. વ્રજભૂષણ સ્વામી (ડી.સી. અમેરિકા) અને શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) એ કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. (નટુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પોર ગાંધીનગર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીના સુંદર માર્ગદર્શનથી તા. ૧૨-૧-૨૦ ના રોજ પોર ગામ સમસ્ત સત્સંગ દ્વારા સુંદર શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. વ્રજભૂષણદાસજી (કોટેશ્વર) આદિ સંતોએ કથા વાર્તાનો લાભ આપેલ. સમગ્ર શાકોત્સવમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. સૌ હરિભક્તોએ દેવ દર્શન, કથા શ્રવણ કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (રાકેશભાઈ પટેલ)

**ચાંદખેડા (અમદાવાદ શહેર)**

પરબ્રહ્મ પરમાત્મા ઈષ્ટદેવ શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણાથી ચાંદખેડા સત્સંગ સમાજ દ્વારા તા. ૧૨-૧-૨૦ ના સુંદર શાકોત્સવ ઉજવ્યો હતો. આ પ્રસંગે નારણઘાટથી શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી અને કોટેશ્વર ગુરુકુળના સંતોએ ભગવાન

શ્રી સ્વામિનારાયણની લીલા ચરિત્ર કથા સંભળાવીને ઠાકોરજી સમક્ષ શાકોત્સવ કરી સૌ ભક્તોએ પ્રસાદ લીધો હતો.

(ધવલ પટેલ)

**માણેકપુર મંદિર (ચૌધરીનું) દ્વારા શાકોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર સે-૨) તથા માણેકપુર મંદિરના કોઠારી ચૌધરી શંભુભાઈ જોઈતાભાઈની પ્રેરણાથી અ.નિ. ચૌધરી શાંતાબેન ગાંડાભાઈ જોઈતાભાઈ પરિવાર તરફથી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર ચૌધરી સત્સંગ સમાજના સુંદર આયોજનથી તા. ૧૩-૧-૨૦ ના રોજ બળિયાનગર માણેકપુર ખાતે ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ સભામાં શાકોત્સવની લીલા મહિમાની કથા સંભળાવી હતી. માણેકપુર મંદિર નિર્માતા અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી કરશનદાસજી સ્વામીએ અહીંના સત્સંગને નવ પલ્લવિત કરીને સૌને સત્સંગના રંગે રંગ્યા હતા. તેવા આ ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજી સમક્ષ અલૌકિક શાકોત્સવ સંપન્ન થયો. સર્વે હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામથી સંતો પણ પધાર્યા હતા. સૌ ભક્તોએ દેવ દર્શન, ધર્મકુળ દર્શન અને સંતોની પ્રેરક વાણીનું શ્રવણ કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી, માણેકપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંબાપુર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર સે-૨) ની પ્રેરણા માર્ગદર્શનથી અંબાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરની પાછળ પ્લોટમાં તા. ૧૨-૧-૨૦ ને રવિવારના અત્રે ગામના સત્સંગી યુવકો અને સમસ્ત સત્સંગ અંબાપુર દ્વારા ભવ્ય શાકોત્સવ ઉજવાયો-શ્રીહરિના સમયના શાકોત્સવની ઝાંખી સૌને થઈ. ગાંધીગનર સે-૨ અને કોટેશ્વરના સંતો દ્વારા કથા વાર્તા થઈ હતી. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ શોભાવ્યું હતું. સૌ ભક્તો દેવ દર્શન, કથા શ્રવણ કરી શાકોત્સવને માણી આનંદિત થયા હતા.

(કોઠારીશ્રી, અંબાપુર)

**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું અન્નકૂટ ઉત્સવ ધામ આદરજ (મોટી) આઠમો પાટોત્સવ એવમ્ વચનામૃત પંચાન્હ પારાયણ**

